# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬

www.jainjagruti.com
www.jainjagruticentre.com
www.jainjagruticentre.org

માનદ્ તંત્રી : **શ્રી રમેશ એમ. સંઘવી**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**



### કેબિનેટ કમિટી

| | |
|---|---|
| ચેરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| આઈ.પી.ચૅરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| ફાઉન્ડર ચૅરમૅન | : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| | શ્રી પ્રફુલ્લ એમ. શાહ |
| સેક્રેટરી જનરલ | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | શ્રી કિશોર એસ. શેઠ |
| | શ્રી કીર્તિ પી. સખપરા |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી જયંતીલાલ કે. છાડવા |
| ખજાનચી | : શ્રી અનિલ જી. દોશી |
| તંત્રી | : શ્રી રમેશ એમ. સંઘવી |

### જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ–કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી કિશોર એન. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી ચંદ્રવદન આર. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| સેક્રેટરી | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| સેક્રેટરી | : શ્રી સંજય બી. શાહ |
| જો. સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |
| સહખજાનચી | : શ્રી કિશોર એસ. શેઠ |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી દીપચંદ એસ. ગાર્ડી | શ્રી પ્રવીણ જી. શાહ |
| શ્રી કમલેશ સી. શાહ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી રાજેશ સી. ગાંધી | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી જયંતીલાલ કે. છાડવા |
| શ્રી શૈલેશ ડી. શાહ | શ્રી અનિલ જી. દોશી |
| શ્રી રાજેષ આર. ભણસાલી | શ્રી રમેશ એમ. સંઘવી |

● પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.

● કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.


**છૂટક મૂલ્ય રૂ.૫/-** **વાર્ષિક લવાજમ રૂ.૪૦/-**

## Message From The CHAIRMAN.....



**પ્રિય સ્નેહાળ સભ્યો,**

જય જિનેન્દ્ર,

દુનિયામાં વિચરતી એકમાત્ર પ્રજા (Community) જે નરી આંખે ન દેખાય તેવા એકેન્દ્રિય જીવ (અમીબા)થી લઈને સૌથી વધુ હિંસક પચેન્દ્રિય જીવો (માનવ) પ્રત્યે સમભાવ દાખવી, વચનથી પણ કોઈને માનસિક દુઃખ ન પહોંચાડનાર, સૂક્ષ્મ હિંસા પણ ન આચરનાર આપણા જૈનોના મહાપર્વ પર્યુષણ પૂરાં થવાને આરે છે ત્યારે વર્ષ દરમિયાન અજાણતા પણ કોઈના હૃદયને ઠેસ પહોંચાડી હોય તો સંવત્સરી પ્રતિક્રમણ કરીને મન, વચન, કાયાથી ક્ષમા માગનાર આપણે સૌ સત્ય અને અહિંસાના પૂજારી છીએ.

આ વર્ષે જે સમાચાર આવી રહ્યા છે તે પ્રમાણે ઠેકઠેકાણે સાધુભગવંતોની નિશ્રામાં બહુ જ તપસ્યાઓ થઈ છે. હર્ષની વાત એ છે કે ધર્મથી અલિપ્ત ગણાતા યુવા વર્ગમાં તપસ્યાનું પ્રમાણ ઘણું જ વધારે જોવા મળ્યું છે. ચાર વર્ષના બાળકે પણ અઠ્ઠાઈ કરી હોય તેવા સમાચારથી મન પુલકિત થઈ જાય છે. યુવા વર્ગ માસખમણ જેવી આરાધના તો સહેલાઈથી પાર પાડે છે.

મને લાગે છે કે જૈનો ભૌતિક સુખોની અવહેલના કરી ધર્મ પ્રત્યે પાછા ફરી રહ્યા છે. જેથી છેલ્લાં ૫૦ વર્ષથી ઘુમરાતો પ્રશ્ન : 'ધર્મનું શું થશે?'ને જવાબ મળી રહ્યો છે. આ વર્ષે પણ ઠેર ઠેર સાધુસંતોનાં આધ્યાત્મિકતા તરફ લઈ જતાં વ્યાખ્યાન ઉપરાંત સાંસારિક પ્રજ્ઞાનીઓનાં પ્રવચનોનાં આયોજન ઘણાં જ થયાં છે અને ખુશી એ વાતની છે કે આવા આયોજનમાં યુવા વર્ગની હાજરી સવિશેષ હતી! ધર્મનો જય હો.

અત્રે સેન્ટ્રલ બોર્ડ તથા ચૅરિટેબલ ટ્રસ્ટના સર્વે પદાધિકારીઓ પણ તમામ સેન્ટરના કારોબારી સભ્યો તથા અન્ય સર્વે સભ્યોને ખમાવે છે. વર્ષ દરમિયાન કેટલાક પ્રસંગો એવા બને છે કે સેન્ટ્રલ બોર્ડમાં અમારે ક્યારેક કોઈકને અણગમતા નિર્ણય બંધારણના માળખામાં રહી, સંસ્થાના હિતમાં લેવા પડતા હોય છે, કારણ એકંદરે સંસ્થા મહાન છે, વ્યક્તિ નહીં એ પ્રમાણે લીધેલા નિર્ણયોથી કોઈનું મન દુભાણું હોય તો સર્વે સેન્ટ્રલ બોર્ડ વતી ક્ષમા માગીએ છીએ 'મિચ્છા મિ દુક્કડમ'.

આપણો ભારત ઉપખંડ પૃથ્વી પર સમશિતોષ્ણ પટમાં આવતો હોઈ, કુદરતને આપણે જો ન છેડીએ તો પ્રકૃતિની બહુ મોટી મહેરબાની આપણા પર છે. તેથી જ અષાઢથી આસો મહિના દરમિયાન મેઘરાજા પધાર્યા હોય ત્યારે લોકોમાં ધર્મ પ્રત્યેની રુચિ વધારે ખીલે છે, એટલે દરેક વર્ગ અને સમાજના ધાર્મિક તહેવારો

આ સમય દરમિયાન આવે છે. આપણાં પર્યુષણ પૂરાં થાય તેના છેલ્લા દિવસથી આપણી શ્રદ્ધાળુ પ્રજાના આરાધ્ય દેવ શ્રી ગણપતિજીની પૂજા શરૂ થાય છે. ગણેશજીની આરાધના સૌથી વધારે અને વિશિષ્ટરૂપે મહારાષ્ટ્રમાં થાય છે.

લોકમાન્ય ટિળકે પુનાથી શરૂ કરેલ ગણેશજીની આરાધના આજે એક મહાઉત્સવમાં ફેરવાઇ ગઇ છે. ઉચ્ચ-નીચના ભેદ વિના એ ઉત્સવને સાર્વજનિક સ્વરૂપ મળી ગયું છે. ઘરેઘરે ગણપતિની સ્થાપના થાય છે અને બાળકથી માંડીને વૃદ્ધ સુધી દરેક જણ બધાં જ દુન્યવી સુખદુઃખ ભૂલી જઈ 'ગણેશમય' બની જાય છે. આપણા જૈનો પણ તેમાંથી બાકાત નથી રહેતા, કારણકે જૈનોએ પણ આરાધ્ય દેવ તરીકે ગણેશજીને સ્વીકાર્યા છે એટલે તો આપણા કોઈ પણ શુભ પ્રસંગોમાં સૌપ્રથમ ગણેશજીની સ્થાપના કરી પૂજા કરવામાં આવે છે. ચાલો, આપણે પણ 'ગણેશમય બની જઈએ.' શ્રી ગણેશાય નમઃ

હજી 'ગણપતિ બાપ્પા મોર્યા પુઢચ્યા વર્ષી લવકર યા'ના નારા વચ્ચે ગણપતિ વિસર્જન થશે ત્યાં તો આધ્યશક્તિરૂપ મા જગદંબા કે મહાકાલી માની આરાધનાની દુંદુભી વાગવા માંડશે. શહેરોમાં ભલે નવરાત્રિનું સ્વરૂપ બદલાઈને વિકૃત થઈ ગયું હોય, પણ બહુધા હિન્દુઓ ખૂબ જ આસ્થાથી આ પર્વને ઊજવે છે. નવરાત્રિ એટલે યુવા વર્ગ માટે તો ઠૂમકા લેવાનો તહેવાર. તે દિવસો દરમિયાન ભક્તિ અને શક્તિ ભારોભાર છલકાય છે.

પ્રજાના આટલા ઉત્સાહ પર રાત્રિના દશ વાગ્યાની પાબંદી મૂકીને સરકાર કાંઈક ભૂલ તો કરી જ રહી છે! યુવાનોનો આ થનગનાટ જ રાષ્ટ્રીય શૌર્યનું પ્રતીક છે. ગંગોત્રી ખાતે પાણીની એક સેર આગળ જતા વિશાળ ગંગાનું સ્વરૂપ ધારણ કરી લે છે તેવી જ રીતે આ લોકલ થનગનાટ આગળ જતા જરૂર પડે ત્યારે રાષ્ટ્રીય શૂરવીરતામાં પલટાઇ શકે છે. માટે આ ઉત્સાહ પર ક્યારેય બ્રેક ન લગાવવી જોઈએ તેવું આપણા રાજકારણીઓ ક્યારે વિચારશે ?

રાજકારણીની વાત આવી એટલે આપણને તરત જ રાષ્ટ્રીય તખતા પર ચાલતી હિલચાલની યાદ આવે. ભગવાનની દેન છે કે હિન્દુસ્તાનમાં સમયાંતરે સંકટના સમયે ક્રાંતિના મશાલચી મોકલે જ છે. એકલવીર અણ્ણા હઝારેજીના ગાંધીવાદી અનશનના પ્રતાપે ભારતભરમાં જનજાગૃતિની હવા વાવાઝોડાની માફક ફેલાઈ ગઈ. ગત અંકમાં જ મેં ભાખેલ કે સત્ય માટેની આ લડતમાં યુવા વર્ગ અલિપ્ત નહીં જ રહે અને એમ જ થયું. સવિશેષ યુવા વર્ગ નાતજાતના ભેદ ભૂલી 'અણ્ણા ચળવળ'માં જોડાઈ ગયો. જેમ બને છે તેમ સત્યનો જય થયો. અક્કડ સરકાર ઝૂકી ગઈ અને બધું શાંતિપૂર્ણ પતી ગયું, પણ આ તો પ્રથમ તબક્કો પૂરો થયો! હજી તો મંજિલ દૂર છે. જનલોકપાલ બિલ લોકસભામાં પસાર થઈ ગયા બાદ પણ તેના સ્વરૂપને આખરી ઓપ આપતાં પહેલાં આપણા કથિત વિદ્વાનો વચ્ચે શબ્દોની સાઠમારી થવાની છે જ અને તેથી વિલંબ લટકતી તલવારરૂપ છે.

એમ તો આપણા કાયદા કેટલા બધા મજબૂત છે, પણ ન્યાયપદ્ધતિએ આપણને કેવા પાંગળા બનાવી નાખ્યા છે. ભ્રષ્ટાચાર આપણી રગેરગમાં ફેલાઈ ગયો છે તેથી તેને રુખસદ આપવાનું કાર્ય અતિકઠિન છે. પ્રજાની તરફેણમાં ઘડાયેલા કાયદા જ વિકૃત સ્વરૂપ ધારણ કરી દેશને પાયમાલ કરી નાખે છે.

દા.ત. સિગ્નલ તોડવાનો દંડ રૂા. ૨૦થી વધારી રૂા. ૧૦૦ કરવામાં આવ્યો ત્યારે તેને લાગતાવળગતા સરકારી બાબુઓના ઘરે ઉત્સવ થયો. કેમ? હવેથી કોઈ સિગ્નલ નહીં તોડે એટલે એ લોકોને મહેનત ઓછી થશે એટલે! નહીં! અત્યાર સુધી સિગ્નલ તોડનાર પાસેથી રૂા. ૧૦ મળતા હતા તે હવે ઓછામાં ઓછા ૫૦ની પત્તી મળશે!

મુંબઈમાં દાદર-ઑપેરા હાઉસ-ઝવેરી બજાર વિસ્તારમાં થયેલા બૉમ્બબ્લાસ્ટમાં અનેક નિર્દોષ લોકોએ જાન ગુમાવ્યા અને અનેક જખમી થયા એની શ્યાહી હજી સુકાઈ નથી ત્યાં દિલ્હીમાં હાઈ કોર્ટની બહાર આતંકવાદીઓએ બૉમ્બબ્લાસ્ટ કર્યો જેમાં કેટલાય નિર્દોષ નાગરિકોએ જાન ગુમાવ્યા અને અનેક જણ જખમી થયા.

મને એ જ નથી સમજાતું કે મરનાર વ્યક્તિ કોઈનાં ભાઈ-બહેન, કોઈનાં દીકરા-દીકરી, કોઈનાં માતા-પિતા અથવા ઘરમાં કમાનાર એ એક જ વ્યક્તિ હશે એનો ખયાલ આ આતંકવાદીઓને કેમ નહીં આવતો હોય. આવી માસૂમ વ્યક્તિઓના જાન લઈને આતંકવાદીઓ શું મેળવવા અથવા શું સાબિત કરવા માગે છે? આપણા ભારત સરકારની બેદરકારી કે સરકાર ચલાવતા બાબુઓની બેજવાબદારી? આપણે જનતાએ તો ફક્ત છાશવારે થતાં આવા બૉમ્બબ્લાસ્ટના ભોગ બનવાનું અને ઘરેથી નીકળીએ ત્યારે જીવ મુઠ્ઠીમાં લઈને નીકળવાનું, કેમ કે ક્યાં, ક્યારે બૉમ્બધડાકો થાય એની કોઈ ખાતરી નથી હોતી.

હકીકતમાં ગાંધીવાદી અણ્ણા હઝારેએ જે રીતે ભ્રષ્ટાચારવિરોધી આંદોલન ચલાવ્યું તેવી જ રીતે

બૉમ્બધડાકાવિરોધી આંદોલન ચલાવવાનો સમય હવે પાકી ગયો છે. ત્યારે જ સરકારની આંખ ઊઘડશે. જનતા જાગે અને સરકારની લાપરવાહી સામે જંગ છેડે એ આજના સમયની તાતી જરૂરિયાત છે. બૉમ્બધડાકામાં માર્યા ગયેલા નિર્દોષ નાગરિકોના આત્માને પરમશાંતિ મળે એ જ અરિહંતપ્રભુને પ્રાર્થના...

કહેવાય છે કે ભ્રષ્ટાચારની શરૂઆત આપણા શરીરથી અને ઘરથી જ થાય છે. હમણાં જ પૂજ્ય ગુરુદેવ નમ્રમુનિની આલોયણામાળામાં ગુરુદેવે ધર્મની આણ આપી સવાલ પૂછયો કે ઘરખર્ચમાં અપાતા પૈસામાંથી ક્યારેય ‘કટકી’ ન કરતી બહેનો આંગળી ઊંચી કરે! માર્મિક હસાહસ વચ્ચે એક પણ હાથ ઉપર ન થયો! અને શરીર પણ ક્યાં બાકાત છે? પેટ ફાટી જાય તેટલું ભરેલું હોય, પણ જો જીભને ચટાકેદાર ભાવતી વાનગીનો ટેસ્ટ કરાવો તો એ જીભ હજી પણ વધારે ગુલાબજાંબુ વિનારોકટોક પેટ તરફ, લાંચ લઈને માલ પસાર કરતા જકાત ઑફિસરની જેમ, પસાર થવા દેશે. આપણી જીભ જ મોટામાં મોટી ભ્રષ્ટાચારી છે.

આ તો થોડીક હળવી વાત થઈ, પણ હકીકતમાં અણ્ણાસાહેબ ભલે સફળ થયા, પણ...? ગાંધીજી જેવા પયગંબરને પણ સિદ્ધિ હાંસલ કરતાં ૩૯ વર્ષ (૧૯૦૮થી ૧૯૪૭) થયાં હતાં અને એ દરમિયાન ઘણા ચઢાવ-ઉતાર આવેલા અને ઘણી કસોટીમાંથી પસાર થયેલા, પણ Be Positive, ધીરજનાં ફળ મીઠાં. ભગવાન આપણને જરૂરથી સહાય કરશે જ. જુઓને ૧૯૪૭ પછી ૧૯૭૫માં જયપ્રકાશ નારાયણ જેવા નિઃસ્વાર્થ લોકનેતાને મોકલી જ આપ્યા ને!

સદાચારથી મઘમઘતી સાવ જ નાની લઘુમતી જૈન કોમની આવડા વિશાળ દેશની સરકાર પણ કેટલી આમન્યા રાખી સન્માનિત કરે છે તેનો દાખલો છે કે ગત મહિનામાં જૈનોના સર્વોત્તમ તીર્થ પાલિતાણા ખાતે ગુજરાત સરકારે અવર્જ્ય નોનવેજ (ઇંડા-માંસ-મટન) ખાદ્યવસ્તુઓનાં વેચાણ અને વપરાશ પર પ્રતિબંધ મૂકી જૈનોની અહિંસાની ભાવનાને અનુમોદન આપી જૈન ધર્મનું સન્માન કર્યું.

ચાતુર્માસ દરમિયાન દરેક ગુરુવાણીમાં આપણે સત્ય, અહિંસા, અપરિગ્રહ, અચૌર્ય વગેરે વિશે સાંભળીયે છીએ. સત્ય અવિનાશી સનાતન છે. આપણી ચોતરફ ૯૯.૯૯૯૯% સત્યનું જ આવરણ છે. શયતાને અસત્યની ખોજ કરી ફક્ત મનુષ્યને જ તે પહેરાવી શક્યો છે અને તે પણ એક નજીવા પ્રમાણમાં. એટલે તો આપણે કહીએ છીએ કે હંમેશાં સત્યની જ જીત થાય છે.

કારણકે સત્ય એ પ્રકૃતિજન્ય છે. તેની સામે હિંસા પણ પ્રકૃતિજન્ય જ છે. દુનિયાની ઉત્પત્તિથી સબળ જીવ તેનાથી નિર્બળ જીવનો શિકાર કરીને જ ભૂખ સંતોષતો આવ્યો છે. આદિમાનવ પણ તે જ કરતો. લાખો વર્ષ સુધી મનુષ્યે જ્યાં સુધી અનાજની-ખેતીવાડીની શોધ નહોતી કરી ત્યાં સુધી શિકાર જ કરતો. ત્યારે તેને અસત્યનો પરિચય ન હતો.

જેમ જેમ ઉત્ક્રાંતિ થતી ગઈ તેમ તેમ માનવસંસ્કૃતિ ડેવલપ થઈ, સંસ્કારો પ્રગટયા, પણ સ્વાર્થ ખાતર કરાતી હિંસાનો ત્યાગ કરી અહિંસાનો પરિચય દુનિયાને આપ્યો જૈન તીર્થંકરોએ. એટલે જ કહું છું કે હિંસા એ પ્રકૃતિજન્ય છે અને અહિંસા એ માનવે ખીલવેલી સંસ્કૃતિ છે. પૂરા જગતમાં હિંસાચાર સામે જૈનોની અહિંસા અદ્‌ભુત છે તે પ્રતિપાદિત થઈ ગયું છે. સમગ્ર દુનિયામાં જૈન ફૂડને મળેલી માન્યતા એ સિદ્ધ કરે છે.

થોડા સમય પહેલાં હું ટૂર લઈને ઇજિપ્ત ગયેલો, તો જેમાં બહુધા મુસ્લિમો જ મુસાફરી કરતા હોય તેવી ઈજિપ્ત ઍરવેઝમાં પણ જૈન ફૂડ પીરસવામાં આવેલ!

ફક્ત સ્વાર્થ ખાતર આચરેલી હિંસા અધમ પ્રકારની છે અને એ પ્રકૃતિ સાથે કરવામાં આવેલાં ચેડાં સમાન છે. પ્રકૃતિ એ વધુ સમય સાંખી લેતી નથી અને બદલો જરૂર વાળે જ છે. છેલ્લાં બે-ત્રણ વર્ષથી થતો અમેરિકા ઉપરનો પ્રકૃતિપ્રકોપ આનો જીવતોજાગતો દાખલો છે અને અરબી સમુદ્રમાં સર્જાયેલું ભયંકર વાવાઝોડું ભારતની ભૂમિ આવતાં જ સૌમ્ય બની જાય છે તેવા અસંખ્ય દાખલાથી પ્રકૃતિ પણ આપણા ઉપર કોઈ પણ રીતે નારાજ નથી એવું પ્રતિપાદિત કરે છે.

વર્ષ ૨૦૧૧નો આપણો એજ્યુકેશન યજ્ઞ પૂર્ણાહુતિને આરે છે. તેના Statastics હવે પછી આવશે, પણ એટલું તો કહી દઉં કે વિદ્યાર્થી અને વાલીઓના દરેકેદરેક ઈન્ટરવ્યૂ હૈયું હચમચાવી મૂકે તેવી વાર્તાને જન્મ આપે તેવા છે. હું રમેશભાઈ સંઘવીને કહું છું કે આનો નિચોડ તેમની ભાષામાં રજૂ કરે. મને ખાતરી છે કે તે વાંચ્યા બાદ આપણા સભ્યોમાંથી કોઈ જ તેનો ફાળો આપવામાંથી વંચિત નહીં રહે.

ચાલો, બે અંક પહેલાં મેઘરાજાને પધારવા વિનવણી કરતો હતો. આજે મેઘરાજાને મુંબઈ ખાતે પોરો ખાવા વિનંતી કરી રહ્યો છું. છેલ્લા પંદર દિવસથી સૂર્યનારાયણનાં દર્શન થયાં નથી.

જય હિન્દ!!! જય જિનેન્દ્ર!!!

*લિ. જિતેન્દ્ર કોઠારી*

*ચૅરમૅન: જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ*

# લાખેણા ગાંધીવાદી અણ્ણા હઝારે



અણ્ણા હઝારેનું નામ પડતાં જ ભારતના દરેક નાગરિકની નજર સામે ભ્રષ્ટાચારવિરોધી આંદોલનનું અને ઉપવાસ પર ઊતરેલા ગાંધીટોપીધારી માણસનું ચિત્ર ખડું થઈ જાય છે. દેશની મોટા ભાગની જનતાએ આ ગાંધીવાદી વ્યક્તિનું નામ હાલના જનલોકપાલ ખરડા માટે થયેલા આંદોલનને કારણે જાણ્યું છે, પરંતુ તેઓ મહારાષ્ટ્રમાં વર્ષોથી જાણીતા છે. તેઓ અત્યારે ભ્રષ્ટ રાજકારણને શુદ્ધ કરવાનું અભિયાન ચલાવી રહ્યા છે. આની પહેલાં તેમણે મહારાષ્ટ્રના રાળેગણ સિદ્ધિ ગામમાં અનોખું કાર્ય કરીને તે ગામને સ્વાવલંબી તથા આદર્શ ગામ બનાવી દીધું છે.

આખો દેશ અત્યારે જેનો પડ્યો બોલ ઝીલવા તૈયાર છે અને તેઓ કહે ત્યારે ફરી આંદોલન શરૂ કરવા સજ્જ છે ત્યારે આપણે તેમના વિશે થોડી પ્રાથમિક માહિતી મેળવીએઃ

સૌથી પહેલાં તો એ જાણી લઈએ કે અણ્ણા હઝારે મહાત્મા ગાંધીના વિચારોથી પ્રભાવિત થયેલી વ્યક્તિ છે. તેઓ દેશને જરૂર હતી એવા સમયે લશ્કરમાં જોડાયા. ૧૯૬૫માં પાકિસ્તાન સામેના યુદ્ધમાં તેઓ ખેમકરન સરહદ પર તહેનાત હતા. તેમના ઘણા સાથીઓ વીરગતિ પામ્યા અને હઝારે જરાક માટે બચી ગયા. એક બૂલેટ તેમના માથાની બાજુમાંથી જ પસાર થઈ હતી. બસ, એ જ ઘડીએ તેમણે નક્કી કરી લીધું કે આ દેહ હવે રાષ્ટ્રને સમર્પિત છે. જનસેવાને જ જીવનકર્મ બનાવવાનો તેમણે નિર્ધાર કર્યો. તે વખતે તેમની ઉંમર ૨૬ વર્ષની હતી. તેમણે આજીવન બ્રહ્મચર્ય પાળવાનો પણ નિર્ણય લીધો. ત્યાર બાદ તેઓ ૧૨ વર્ષ સુધી લશ્કરમાં રહ્યા.

અણ્ણા જ્યારે પણ રજાઓમાં પોતાના ગામ રાળેગણ સિદ્ધિ જતા ત્યારે ત્યાંની પાણીની તંગીની સમસ્યા જોતા. લશ્કરમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધા બાદ તેમણે ગામ માટે જ કંઈક કરવાનું નક્કી કર્યું. ૧૯૭૫માં તેમણે જાહેર જીવન શરૂ કર્યું. તેમના ગામના લોકો પૈસા કમાવા માટે દારૂની ભઠ્ઠીઓ ચલાવતા અને ગામમાં પાણીનાં ઠેકાણાં ન હતાં. ઉનાળાના દિવસોમાં ગામમાં ટૅન્કરોથી કામ ચલાવવું પડતું. આવા સંજોગોમાં અણ્ણાએ ગ્રામ પંચાયતની મદદથી જળસંચયનું કાર્ય શરૂ કર્યું. તેને લીધે ભૂગર્ભ જળનું પ્રમાણ વધી ગયું. આ કાર્યને પગલે ગામમાં ખેતી સરસ થવા લાગી અને લોકો ધીમે ધીમે સમૃદ્ધ થવા લાગ્યા. ત્યાર બાદ અનાજ બૅન્ક, સમૂહલગ્ન, સહકારી સોસાયટી, મહિલાઓનાં સ્વયં મદદ કેન્દ્રો, યુવામંડળો જેવી પ્રવૃત્તિઓ થવા લાગી અને ગામની સિકલ બદલાઈ ગઈ. ચાર વિદ્યાર્થીઓએ રાળેગણ સિદ્ધિને કેન્દ્રમાં રાખીને પીએચ.ડી.ની પદવી હાંસલ કરી છે.

અણ્ણાને પોતાના ગામમાં કામ કરતાં કરતાં ઠેરઠેર ભ્રષ્ટાચારના અવરોધો નડયા હતા. તેમને એ પણ જાણ થઈ હતી કે ૪૨ વન અધિકારીઓએ મહારાષ્ટ્ર સરકારને કરોડોનું નુકસાન કરીને પોતાનાં ખીસાં ભર્યાં હતાં. અણ્ણાએ તેના પુરાવા આપ્યા, છતાં સરકારે તે અધિકારીઓ સામે કોઈ પગલાં ભર્યાં નહીં. આથી હજારેએ ભ્રષ્ટાચારવિરોધી જનઆંદોલન શરૂ કર્યું. તેની સાથે સાથે તેમણે રાષ્ટ્રપતિ પાસેથી મળેલું પદ્મશ્રી સન્માન તથા વડા પ્રધાનના હસ્તે મળેલું વૃક્ષમિત્ર સન્માન પાછાં આપી દીધાં. તેમણે આળંદીમાં બેમુદત ઉપવાસ પણ કર્યા. આખરે સરકારે દોષિત વનઅધિકારીઓ સામે કાર્યવાહી કરી. તેમના સત્યાગ્રહને કારણે છ પ્રધાનોએ રાજીનામાં આપવાં પડયાં અને સરકારનાં વિવિધ ખાતાંના ૪૦૦ કરતાં વધારે અધિકારીઓને ઘરભેગા કરી દેવાયા.

આ પ્રકરણમાંથી બોધ લઈને અણ્ણાએ માહિતી અધિકાર માટે લડત ચલાવવાનું નક્કી કર્યું. તે માટે તેમણે મુંબઈમાં આઝાદ મેદાનમાં આંદોલન કર્યું. ૨૦૦૩માં તેઓ આ મુદ્દે આ જ મેદાનમાં બેમુદત ઉપવાસ પર ઊતર્યા. તેમના બાર દિવસના ઉપવાસ પછી રાષ્ટ્રપતિએ રાજ્ય સરકારને કહ્યું કે તે માહિતી અધિકાર ધારાનો અમલ કરે. ૨૦૦૫માં આ ધારાનો અમલ થયા બાદ હઝારેએ તેના વિશે જાગરૂકતા લાવવા રાજ્યમાં ૧૨ હજાર કિ.મી. જેટલો પ્રવાસ કર્યો.

તાજેતરમાં તેમણે જનલોકપાલ ખરડા માટે આંદોલન કર્યું. દેશના વડા પ્રધાન, ન્યાયતંત્ર એ બધાને ભ્રષ્ટાચારવિરોધી ખરડા હેઠળ આવરી લેવાનું તેમનું મિશન છે. સરકારે તેમાં આનાકાની કરવાનું શરૂ કર્યું ત્યારે અણ્ણા વિફર્યા અને આંદોલન કરવું પડયું, જે ૧૩ દિવસ ચાલ્યું. ભારતભરમાં આ આંદોલનમાં જે લોકજુવાળ ઊમટ્યો હતો, એમાંય ખાસ કરીને યુવા પેઢી, એ તો તમે ટીવી પર જોયું જ હશે. તેમણે કરેલા ઉપવાસનું ફળ એ આવ્યું કે સરકારે ખરડામાં આવશ્યક ફેરફારો કરવાનું વચન આપ્યું છે. અણ્ણાએ હજી આંદોલન પૂરું કર્યું નથી. તેઓ હવે રાષ્ટ્રીય સ્તરે ભ્રષ્ટાચારનો ખાતમો કરવા માટે સક્રિય થયા છે. પદ્મભૂષણથી નવાજિત આ લાખેણા ગાંધીવાદી–સ્વૈચ્છિક કાર્યકર ખરેખર ભારત દેશનું ભૂષણ છે.

*– અપૂર્વ દવે (સાભાર)*

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|---|
| • અમૃતનગર | : | ૧૫-૦૮-૧૧ | મૂવી : 'આરક્ષણ' | ✉ |
| | | ૧૯-૦૮-૧૧ | સંગીત-નૃત્ય : 'Mit Manthan' | ✉ |
| • બીચ સાઈડ | : | ૦૯-૦૮-૧૧ | નાટક : 'એક સાંવરિયો બીજો બાવરિયો' | ✉ |
| • ભાંડુપ-વિક્રોલી | : | ૧૨-૦૮-૧૧ | નાટક : 'God Bless You' | ✉ |
| • ચેંબુર | : | ૦૮-૦૮-૧૧ | નાટક : 'God Bless You' | ★ |
| • દાદર | : | ૦૭-૦૮-૧૧ | નૃત્યનાટિકા : 'શલાકાપુરુષ શ્રી મહાવીર' | ✉ |
| | | ૧૬-૦૮-૧૧ | નાટક : 'God Bless You' | ✉ |
| • દહિસર | : | ૦૭-૦૮-૧૧ | સંગીતમય બર્થ-ડે કાર્યક્રમ : 'F3-Musical Quiz Show' | ★ |
| • જેમ્ જગડુશા | : | ૦૨-૦૮-૧૧ | નાટક : 'જિંદગીનું X Factor' | ★ |
| | | ૦૮-૦૮-૧૧ | ઑરકેસ્ટ્રા : 'શારીરિક ઊણપ ધરાવતા કલાકારોનો કાર્યક્રમ Twenty-20' | ✉ |
| • હૈદ્રાબાદ | : | ૦૭-૦૮-૧૧ | ઑરકેસ્ટ્રા : 'Live Musical Nite' | ★ |
| | | ૧૨-૦૮-૧૧ | મૂવી : 'આરક્ષણ' | ✉ |
| • જુહુ | : | ૦૪-૦૮-૧૧ | નાટક : 'એક સાંવરિયો બીજો બાવરિયો' | ✉ |
| | | ૦૬-૦૮-૧૧ | ઑરકેસ્ટ્રા : 'દિલને ફીર યાદ કિયા' | ✉ |
| | | ૧૨-૦૮-૧૧ | મૂવી : 'આરક્ષણ' | ✉ |
| • જુહુ બીચ | : | ૦૧-૦૮-૧૧ | નાટક : 'એક સાંવરિયો બીજો બાવરિયો' | ✉ |
| • કાંદિવલી | : | ૦૨-૦૮-૧૧ | નાટક : 'એક સાંવરિયો બીજો બાવરિયો' | ▲ |
| • મલાડ | : | ૧૬-૦૮-૧૧ | નાટક : 'એક સાંવરિયો બીજો બાવરિયો' | ✉ |
| • મુલુંડ | : | ૨૦-૦૮-૧૧ | નાટક : 'દીકરો મારો લાજવાબ' | ✉ |
| | | ૦૦-૦૦-૧૧ | મૂવી : 'આરક્ષણ' | ✉ |
| • મુંબઈ | : | ૧૭-૦૮-૧૧ | નાટક : 'જિંદગીનું X Factor' | ✉ |
| • નવી મુંબઈ | : | ૦૯-૦૮-૧૧ | નાટક : 'સુખને સેવ કરો દુઃખને ડિલીટ કરો' | ✉ |
| • નોર્થ ઈસ્ટ | : | ૦૩-૦૮-૧૧ | નાટક : 'જિંદગીનું X Factor' | ★ |
| | | ૦૮-૦૮-૧૧ | ઑરકેસ્ટ્રા : 'Twenty-20' | ✉ |
| • પનવેલ | : | ૨૩-૦૮-૧૧ | નાટક : 'મોટા મનના મોટા માણસ' | ✉ |
| • રાજાવાડી | : | ૦૧-૦૮-૧૧ | નાટક : 'God Bless You' | ✉ |
| | | ૨૧-૦૮-૧૧ | ભાવયાત્રા : 'સિદ્ધાચલ ભાવયાત્રા' | ▲ |

- સી સાઈડ : ૧૭-૦૮-૧૧ નાટક : 'એક સાંવરિયો બીજો બાવરિયો' ✉
  ૨૧-૦૮-૧૧ નાટક : 'જિંદગીનું X Factor' ▲
- સાયન-માટુંગા : ૦૭-૦૮-૧૧ નાટક : 'જિંદગીનું X Factor' ✉
  ૧૮-૦૮-૧૧ નાટક : 'Don't Worry પપ્પા હું છું ને' ✉
- શિવાજી પાર્ક : ૧૧-૦૮-૧૧ નાટક : 'God Bless You' ✉
  ૨૩-૦૮-૧૧ નાટક : 'જિંદગીનું X Factor' ✉
- તાડદેવ : ૨૦-૦૮-૧૧ નાટક : 'God Bless You' ✉
  ૨૧-૦૮-૧૧ કવાલી : 'Spirit of Sufis' ★
- વાશી : ૦૪-૦૮-૧૧ નાટક : 'સુખને સેવ કરો દુઃખને ડિલીટ કરો' ✉
  ૧૬-૦૮-૧૧ નાટક : 'જિંદગીનું X Factor' ✉
- વિલે પાર્લે : ૦૪-૦૮-૧૧ મૂવી : 'જિંદગી ના મિલેગી દુબારા' ✉
  ૧૮-૦૮-૧૧ નાટક : 'એક સાંવરિયો બીજો બાવરિયો' ✉

સંજ્ઞા : કાર્યક્રમ – જમણ સાથે ★ જમણ વિના (ડ્રાય) ✉ સ્નેક્સ ▲

## પિકનિક-પ્રવાસ (આગામી)

| જે.જે.સી. | પ્રવાસ સ્થળ | દિનાંક | ચાર્જિસ |
|---|---|---|---|
| ★ સાયન-માટુંગા | ઑસ્ટ્રેલિયા – ન્યૂ ઝીલૅન્ડ | તા. ૧૯-૧૦-૧૧ થી ૨૨ દિવસ | રૂા. ૨,૮૫,૦૦૦/- |

## પિકનિક-પ્રવાસ (સંપન્ન)

| જે.જે.સી. | પ્રવાસ સ્થળ | દિનાંક | ચાર્જિસ |
|---|---|---|---|
| ★ તાડદેવ | સાપુતારા | તા. ૫-૮-૨૦૧૧ થી ૭-૮-૨૦૧૧ | — |
| ★ સાયન-માટુંગા | ચૈત્યપરિપાટી યાત્રા | તા. ૨૪-૯-૨૦૧૧ થી ૨૫-૯-૨૦૧૧ | — |

## તંત્રીની ટકોર

★શ્રી ચંદ્રકાંત શાહ - જેજેસી દહિસરઃ સાંભળ્યું છે કે તમારા સેન્ટરે રવિવાર, તા. ૦૭-૦૯-૨૦૧૧નો સેન્ટરનો બર્થ-ડે વિશિષ્ટ રીતે ઊજવ્યો, પણ રિપોર્ટના અભાવે High Light કરી શકેલ નથી.

'જાગૃતિ સંદેશ' ચાર્ટર ડે નિમિત્તે અભિનંદન પાઠવે છે.... તો પ્રોગ્રામ પત્યા બાદ રિપોર્ટ મોકલતા રહો.

★ શ્રી પ્રકાશ કોઠારી - જેજેસી ડીસાઃ જેજેસીના કોઈ પણ સેન્ટરના સમાચારને યથાયોગ્ય સ્થાન આપવા 'જાગૃતિ સંદેશ' હંમેશાં તકેદારી રાખે છે. કારણ, કોઈ પણ સામાજિક, ધાર્મિક કાર્યક્રમ કે અન્ય કાર્યક્રમોથી જેજેસી હંમેશાં ધબકતું જ રહે છે. દરેકને વિનંતી કે રિપોર્ટ સમયસર મુખ્ય મુદ્દા અને આશયને આવરી લઈને મોકલવા જરૂરી છે. રિપોર્ટ સેન્ટરના લેટરહેડ ઉપર લખવા જરૂરી છે.

★સેક્રેટરી, જેજેસી અમૃત નગર તથા સેક્રેટરી, ભાંડુપ-વિક્રોલી : આપના પરિપત્રમાં છપાતો આપણી સંસ્થા જૈન જાગૃતિ સેન્ટરનો Eblem Logo સુધારો માગે છે. વિનંતી કે Correction કરાવી લેશો. નહીંતર ચૅરમૅનશ્રી ઠપકો આપશે.

# જેજેસીની આજકાલ

## જેજેસી-અંકલેશ્વર

સોમવાર, ૧૫ ઑગસ્ટના રોજ રાષ્ટ્રીય ઉજવણી નિમિત્તે સેન્ટર તરફથી અભ્યાસ અભિયાનના ભાગરૂપે ચાર શાળાનાં કુલ ૪૨૫ વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને સ્કૂલ ડ્રેસનું વિતરણ કરવામાં આવ્યું. ધ્વજવંદન જેજેસીના પ્રમુખ શ્રી વિનોદ ધોકાના હસ્તક કરવામાં આવ્યું. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ ખૂબ જ સરસ રાષ્ટ્રભક્તિને લગતાં ગીતો અને નૃત્ય રજૂ કર્યાં.

## જેજેસી-ડીસા

સરસ્વતી સન્માનના કાર્યક્રમમાં સેન્ટર દ્વારા ડીસા લાયન્સ હૉલ ખાતે પ્રતિવર્ષની માફક, શ્રીમતી હેમીબહેન



જીરાવાલાના સૌજન્યથી શ્રી નલિનભાઈ દોશી, શ્રી મંગળદાસજી તથા શ્રી પોપટલાલજીના પ્રમુખપદે તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું, જેમાં તેઓને ઈનામોથી નવાજિત કરવામાં અવ્યા. C.A.માં પ્રથમ પાસ થનાર શ્રી દોશીભાઈનું પણ સન્માન કરવામાં આવ્યું.

*(રિપોર્ટ : શ્રી પ્રકાશ કોઠારી)*

## જેજેસી-ગાંધીધામ

થોડા સમયથી સુષુપ્ત પડેલું કચ્છનું મહત્ત્વનું સેન્ટર જેજેસી-ગાંધીધામ અગ્રગણ્ય યુવાન બીલ્ડર શ્રી મહેશ પુંજના પ્રમુખસ્થાને Re-charge થઈ ગયું. સેન્ટર તેમની ટીમના શ્રી ચેતન વોરા (ઉપપ્રમુખ), શ્રી હિરેન મહેતા (સેક્રેટરી), શ્રી શેતલ ત્રેવાડિયા (જો.સેક્રેટરી), શ્રી મયુર શાહ (ખજાનચી) તથા અન્ય ૧૧ ઉત્સાહી યુવાન કારોબારી સભ્યોથી ધબકતું થઈ જઈને અવનવા પ્રોજેક્ટ અને પ્રોગ્રામ કરી રહ્યું છે. Debut કાર્યક્રમમાં સભ્યો પૈકી શ્રી કલ્યાણજીભાઈ દોશી પરિવારે તથા બાગેશ્રી ડેવલપર્સે ચેમ્બર ભવન ખાતે યોજાયેલ શ્રી હીરાલાલ પારેખ (પ્રમુખ-તપગચ્છ જૈન સંઘ) તથા શ્રી દિનેશ વી. શાહની હાજરીમાં એક મેળાવડામાં રૂા. ૫૦-૫૦ હજારના ફાળાથી એક આરોગ્યલક્ષી (જરૂરિયાતમંદ વ્યક્તિને દવા તથા હૉસ્પિટલ ખર્ચ) પ્રોજેક્ટની જાહેરાત કરી.

Re-charge થયેલા સેન્ટરના સૌ સભ્યો એકબીજાથી પરિચિત થઈ નજીક આવે તે હેતુથી 'નીલકંઠ ફાર્મ' ખાતે એક સુંદર મજાની પિકનિકનું આયોજન કર્યું. સભ્યોએ નાનાં બાળકોની રમત, કપલ ગૅમ વગેરે રમતો તથા ભાવતું ભોજન માણ્યું

અન્ય Fellowship ગાઢ કરતા કાર્યક્રમમાં Mr. અને Mrs. JJCની હરીફાઈ તથા બાળકોના ફૅશન શોનું આયોજન કર્યું. સાથે ભોજન લીધા બાદ D.J. પાર્ટીનો આનંદ માણ્યો.

એક સફળ કૉમેડી મૂવીની મજા હળવા નાસ્તા સાથે સેંટરના પરિવારે માણ્યા બાદ એક પ્રખ્યાત નાટક 'આ ફૅમિલી ફેન્ટાસ્ટિક છે' પણ માણ્યું. આ નાટકના શો વખતે સહોદર સેન્ટરો જેજેસી-મુન્દ્રા, માંડવી, અંજાર તથા અન્ય સેન્ટરોમાંથી પણ સભ્યોને આમંત્રણ આપીને બોલાવેલ. સહુએ સાથે મળીને આનંદ માણ્યો. *(રિપોર્ટ : ડૉ. હીરેન મહેતા)*

## જેજેસી-ગોલ્ડન ગારોડિયા

૨૩ વર્ષની યશપૂર્ણ સફળ મુસાફરી પૂરી કરી ૨૪મા વર્ષમાં પ્રવેશેલ આ સેન્ટરે ૨૮મી ઑગસ્ટના દિવસે પર્યુષણ હોઈ તેની ઉજવણી ૨૦મી ઑગસ્ટે Friendship day તરીકે ઊજવીને મઘમઘતાં ભોજનિયાં માણીને કરી. એક સંગીતપ્રધાન કાર્યક્રમમાં એક અનોખો વિશિષ્ટ પ્રયોગ કર્યો.

સેંટર ક્રમાંક ૧ જેજેસી-વિલે પાર્લેથી લઈને સેન્ટર નં. ૧૪૦ તથા અન્ય કોમર્સિયલ કાર્યક્રમોના ઑર્ગેનાઈઝરો વારે-તહેવારે અનેક વાર સભ્યોને સંગીતમઢયા Evergreen ગીત-સંગીતના કાર્યક્રમો પીરસે છે. તેમાં કેટલાંય વર્ષોથી ૧૯૪૪થી ૧૯૮૦નાં યાદગાર હિન્દી ગીતો સાંભળવા મળે છે જેમાં મહમદ રફી, આશા-લતા, મુકેશ, સમશાદ બેગમ વગેરે કે સંગીતકાર તરીકે નૌશાદ, શંકર-જયકીશન, રવિ, ઓ. પી. નૈયર, મદનમોહન વગેરે બસ આ નામ રિપીટ થયાં જ કરે. કાર્યક્રમો Monotomous થઈ ગયા. વડીલો પગ હલાવ્યા કરે, તાળીઓ પાડ્યે રાખે અને યુવાનો (કોઈ કોઈ) પગ પછાડતા પછાડતા ઑડિટોરિયમની બહાર નીકળી જાય. આ યુવાનોની એક જ દલીલ છે કે શું ભારતનું ફિલ્મી સંગીતઃ

સંગીત તથા ગીતોની મધુરતા ૧૯૮૦ સુધી આવીને અટકી ગઈ છે? ૧૯૮૦ પછી શું કોઈ યાદગાર તાજગીભર્યાં ગીતો બન્યાં જ નથી? શું ત્યાર બાદ ભારતીય સંગીત રાંક બની ગયું છે? તેઓ પૂછે છે કે ૧૯૮૦ પછીનાં ફિલ્મી ગીતો

તમે માણ્યાં છે ? તેમાં કેટલી એનર્જી છે, મધુરપ છે, શબ્દોમાં કેટલું તથ્ય છે એ તમે ક્યારેય જાણવા પ્રામાણિકતાથી પ્રયત્ન કર્યો છે ? આ ગીતોમાં તમને ઝુમાવી દેવાની તાકાત છે એ તમે અનુભવ્યું છે ?

તેમને જવાબ આપ્યો જેજેસી-ગોલ્ડન ગારોડિયાએ. કાર્યક્રમમાં ૧૯૮૦ પછીનાં ચુનંદાં ગીતોનો સમાવેશ કરી સંપૂર્ણ સમુદાયને આનંદથી તરબોળ કરી દઈ એ સાબિત કરી દીધું કે યુવાનોના કથનમાં પણ તથ્ય છે.

આ એક દૃષ્ટાંત પૂરું પાડયું. હવેથી કોઈ પણ સંગીતની મિજલસમાં યુવાનોને રીઝવી જતાં ગીતોના સથવારે વડીલો પણ ઝૂમશે!

*(રિપોર્ટ : શ્રી અતુલ કોઠારી- શ્રી કિશોર શાહ)*

## જેજેસી-જુહુ બીચ

૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭ના દિવસે જે ઉત્સાહ ભારતનાં બાળકો, યુવાનો, વડીલો, દરેક નાગરિકમાં હતો તેમાં ઓટ આવતાં ૨૦૧૧ના ૧૫ ઑગસ્ટનો ઉત્સાહ સાવ જ ઓસરી ગયો છે. કારણ સ્પષ્ટ છે, પરંતુ શ્રી વિનોદ કપાસી (પ્રમુખ, જેજેસી-જુહુ બીચ) માને છે કે ૨૦૦ વર્ષથી ગુલામીની જંજીરથી જકડાયેલી ભારતમાતાને મુક્ત કરતા લાખો દેશભક્તોએ બલિદાન આપ્યાં છે. ૧૦૦ વર્ષના સ્વાતંત્ર્યસંગ્રામ બાદ મળેલી સ્વતંત્રતા એક મોંઘી અમીરાત છે. તેની ઉજવણી થવી જ જોઈએ. આપણા હાલના જનરેશનને ખ્યાલ આવવો જ જોઈએ કે આપણે પરતંત્ર હતા અને આજે જે ભોગવીએ છીએ તે સ્વતંત્રતા છે. કાશ્મીરથી કન્યાકુમારી અને અરુણાચલથી મહારાષ્ટ્ર સુધી આપણે એક છીએ.

અને તેમણે એક મોંઘો કાર્યક્રમ રાખ્યો આપણાં સૌનાં હૃદયમાં રહેલી દેશદાઝને પ્રજ્વલિત કરવાનો. સ્વતંત્રતાના પૂર્વઅવસરે ભલે દેશના હાલના વામણા નેતાઓ 'આપણે' હાંસલ કરેલી અનેરી સિદ્ધિઓને સસ્તી ભાષણબાજી કરીને જનતાને ભરમાવે, પણ જેજેસી-જુહુ બીચ સેંટરના જાગૃત નાગરિકોને આ સ્વાતંત્ર્ય પર્વે કેટલાક રચનાત્મક સંકલ્પો લેવાનું આહ્વાન આપ્યું. રાષ્ટ્રગૌરવ અને સ્વાભિમાનની ભાવના બળવતર કરીને વિશ્વને ગૌરવથી કહ્યું કે, ''સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાઁ હમારા''.

પ્રશાંત રાવના કૉમ્પેરિંગમાં એક અનન્ય મ્યુઝિકલ પ્રોગ્રામ 'ઝંડા ઊંચા રહે હમારા' આપ્યો. સફેદ કુરતા-પાયજામામાં શોભતા ૧૧૦૦ સભ્યોએ ભાઈદાસ હૉલ ખાતે ત્રિરંગો ફરકાવ્યો. જય હિન્દ.

*(રીપોર્ટ : શ્રી સંજીવ પારેખ, શ્રી નિર્મલ શાહ, શ્રી ભરત સંઘવી)*

## જેજેસી-કલાનગરી

પ. પૂ. પ્રવચનપ્રભાવક આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય નરરત્ન સૂરીશ્વરજી મહારાજસાહેબના સાંનિધ્યમાં થયેલ 'દૃષ્ટિ પરિવર્તન - યુવા શિબિર'માં સેન્ટરે ભાગ લઈ દરેક સભ્યો માટે ધાર્મિક - આધ્યાત્મિક લાભ ઉપલબ્ધ કર્યો.

## જેજેસી-કાંદિવલી



**પર્યુષણ પર્વ નિમિત્તે શ્રી ગિરનાર મહાતીર્થની ભાવયાત્રા**

''જગમાં તીરથ દો બડા – શત્રુંજય, ગિરનાર,
એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમકુમાર.''

વિશ્વપ્રસિદ્ધ શ્રી ગિરનારજી તીર્થ કે જ્યાં વર્તમાન ચોવીશીના બાવીશમા તીર્થંકર પ્રભુ શ્રી નેમિનાથજી નિર્વાણ પામ્યા છે. અત્યારનાં તીર્થોમાં સમેતશિખર અને શત્રુંજય પછી ગિરનારનું અનેરું મહત્ત્વ છે. તે સંતોની સાધનાભૂમિ તરીકે પ્રસિદ્ધ છે. આ તીર્થ ગઈ ચોવીશીમાં થયેલ અત્યંત ચમત્કારિક છે. ત્યાં પ્રતિષ્ઠિત પ્રભુ શ્રી નેમિનાથની ચમત્કારિક મૂર્તિ જૈન ઈતિહાસ પ્રમાણે અતિપ્રાચીન છે. શ્રી નેમિનાથ પ્રભુના નિર્વાણ બાદ બે હજાર વર્ષ પછી પ્રતિષ્ઠિત થયેલ હોવાથી તેમના શાસનનાં શેષ ૮૨૦૦૦ વર્ષ + શ્રી પાર્શ્વનાથ પ્રભુના શાસનનાં ૨૫૦ વર્ષ + શ્રી મહાવીરસ્વામીના શાસનનાં ૨૫૩૭ વર્ષ એટલે કે ૮૪૭૮૭ વર્ષથી આ પ્રતિમા આ સ્થાને બિરાજમાન છે.

ગિરનાર એટલે કે રૈવતગિરિ મનોહર અને રમણીય છે. ૨૨મા તીર્થંકર પરમાત્માની દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક ભૂમિ છે તેથી જૈનોમાં તેનું ઘણું જ મહત્ત્વ છે. ગિરનાર ભૂમિ પણ અતિપ્રાચીન, પવિત્ર અને વંદનીય છે.

આવતી ચોવીસીમાં થનારા (૧) શ્રી પદ્મનાભ (૨) શ્રી સુરદેવ (૩) શ્રી સુપાર્શ્વ (૪) શ્રી સ્વયંપ્રભ (૫) શ્રી સર્વાનુભૂતિ (૬) શ્રી દેવશ્રુત (૭) શ્રી ઉદય (૮) શ્રી પેઢાલ (૯) શ્રી પોટ્ટીલ (૧૦) શ્રી સત્કીર્તિ (૧૧) શ્રી સુવ્રત (૧૨) શ્રી અમમ

(૧૩) શ્રી નિષ્કષાય (૧૪) શ્રી નિષ્પુલાક (૧૫) શ્રી નિર્મમ (૧૬) શ્રી ચિત્રગુપ્ત (૧૭) શ્રી સમાધિ (૧૮) શ્રી સંવર (૧૯) શ્રી યશોધર (૨૦) શ્રી વિજય (૨૧) શ્રી મલ્લિજિન (૨૨) શ્રી દેવ, આ બાવીશ તીર્થંકર પરમાત્માના માત્ર મોક્ષકલ્યાણક તથા (૨૩) શ્રી અનંત વીર્ય અને (૨૪) શ્રી ભદ્રકૃત આ બે તીર્થંકર પરમાત્માનાં દીક્ષા-કેવળજ્ઞાન અને મોક્ષકલ્યાણક ભવિષ્યમાં આ ગિરનાર મહાતીર્થમાં થવાના હોઈ તેનું મહત્ત્વ વધતું જાય છે. આ તીર્થમાં સર્વશ્રેષ્ઠ ઉપવન એટલે સહસાવન છે, જ્યાં પ્રભુએ દીક્ષા અંગીકાર કરેલ અને કર્મોને નિર્જરીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરેલ હતી. આ તીર્થરાજની પાંચમી ટૂક એટલે પ્રભુની મોક્ષકલ્યાણકની ભૂમિ.

આ કપરા કાળમાં ચાતુર્માસ દરમિયાન ગિરનારની યાત્રા કરવી દુર્લભ છે એટલે જ તીર્થરાજની ભાવયાત્રા એટલે ત્યાગભાવના જગાડવાની, જ્ઞાનનો સૂર્યોદય કરવાની અને ભવોભવનાં કર્મોને બાળીને મોક્ષપ્રાપ્તિ કરવાનો અવસર

પશુઓની વેદનાથી પ્રભુનું દિલ દ્રવી ઊઠ્યું અને લગ્નના તોરણથી રથને ગિરનાર તરફ વાળી લઈ રચેલા ઉજ્જ્વળ ઈતિહાસનું વર્ણન, દિયર ભોજાઈ રથનેમિ અને રાજીમતીના સંબંધના કડવા-મીઠા અનુભવની પ્રેરક રહસ્યમય વાતો એટલે **'ગિરનાર તીર્થની ભાવયાત્રા'**.

તા. ૨૧-૦૮-૨૦૧૧ (શ્રાવણ વદ ૭ ને રવિવાર)ના રોજ જેજેસી-કાંદિવલીએ તેમના સભ્યોને પ્રભાવનારૂપ આ કાર્યક્રમ અર્પણ કરી ધન્ય ધન્ય કરી દીધા.

## ગિરનારની સદેહ યાત્રા

ગિરિવરની ૯૯ યાત્રા કેટલી અઘરી છે? ગભરાવાની જરૂર નથી. હકીકતમાં શત્રુંજયની ૯૯ યાત્રા કરતા ગિરનારની ૯૯ યાત્રા સરળ છે.

શત્રુંજયની પ્રથમ યાત્રા - ૩૬૦૦ પગથિયાં

ગિરનારની પ્રથમ યાત્રા - ૩૮૪૦ પગથિયાં

શત્રુંજયની બીજી યાત્રામાં ઘેટી પાગનાં ૨૮૦૦ પગથિયાં ઊતરવાનાં.

ગિરનારની બીજી યાત્રામાં સહસાવન સુધી ૧૮૦૦ પગથિયાં ઊતરવાનાં.

એટલે કે શત્રુંજયની ત્રણ યાત્રામાં જેટલાં પગથિયાં થાય તેટલાં પગથિયામાં ગિરનારની ચાર યાત્રા થાય. માટે ગિરનારની ૯૯ યાત્રા ખૂબ જ અઘરી છે તેવો જરા પણ ભય રાખશો નહીં. ચાલો સંકલ્પ કરીએ વર્ષમાં ઓછામાં ઓછી એક વખત ગિરનાર મહાતીર્થની યાત્રા કરવાનો.

*(રીપોર્ટ : શ્રી જગદીશ વોરા, શ્રી રમેશ પારેખ, શ્રી પીયૂષ શાહના પરિપત્રના આધારે. અધિક માહિતી જાગૃતિ સંદેશ બ્યૂરો)*

## જેજેસી-લે. વિ. રાજકોટ

બુધવાર, તા. ૨૭-૭-૨૦૧૧ના રોજ ગેટ-ટુ-ગેધર કાર્યક્રમમાં ઍજન્ડા હતો સેન્ટ્રલ બોર્ડની પ્રવૃત્તિથી પરિચિત થઈ ધમાલ-રમત-ગમત અને ભોજન. તેવી જ રીતે મંગળવાર, તા. ૯-૯-૨૦૧૧ના કાર્યક્રમમાં સાથે મળી આનંદ કર્યો, ઉપરાંત Self Made રાખડીની હરીફાઈ રાખેલ. વિવિધ કલાત્મક સ્માર્ટ રાખડી બનાવીને પ્રદર્શિત કરી.

## જેજેસી-લે. વિ. કલાનગરી

ચાર્ટર મેળવ્યા બાદ કાર્યક્રમોની શૃંખલાની શરૂઆત ધાર્મિક કાર્યક્રમથી કરી. સ્નાત્રપૂજા કરી પ્રભુભક્તિનો કાર્યક્રમ રાખ્યો.

## જેજેસી-લે. વિ. માંડવી (કચ્છ)

શ્રાવણ માસના પ્રથમ રવિવારે શ્રી રોહિત બાબરિયાના સૌજન્યમાં સમસ્ત જૈન સમાજ માટે પરંપરાગત પસલીની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે 'રાખડી' બનાવવાની હરીફાઈ રાખી ઈનામો આપ્યાં. શ્રીમતી નિર્મળા વસાએ ભાવવાહી શૈલીમાં 'વીરપસલી'નું દૃષ્ટાંત સાથે મહત્ત્વ સમજાવ્યું.

## જેજેસી-મહેસાણા

જેજેસી-સેન્ટ્રલ બોર્ડના સહયોગથી ગુરુવાર, તા. ૧૦-૭-૨૦૧૧ના રોજ એક મેડિકલ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું. તે અન્વયે લગભગ ૧૨૦ જેટલા દર્દીઓને 2D Echo-Cardiography તથા હાર્ટને લગતા રોગોની જાણકારી આપી.

ડૉ. સુબીર ઘોષ તથા ડૉ. પરાગ શેઠે ખૂબ જ સુંદર સેવા આપી. પ્રમુખ શ્રી યશવંત શાહે માર્ગદર્શન પૂરૂં પાડ્યું. મુંબઈથી શ્રી જિતેન્દ્ર કોઠારી તથા શ્રી સંજય શાહે ખાસ હાજરી આપી.



# પિરામિડ વાસ્તુ

■ મીનાક્ષી શેઠ

## (ભાગ-૬)

ગત અંકમાં આપણે પંચમહાભૂત તત્ત્વો વિષે જાણ્યું અને આપણી જિંદગી કંઇ રીતે બેલેન્સ કરી શકીએ તે જાણ્યું.

આજે આપણે દિશાઓની જાણકારી મેળવીશું. કઇ દિશાનું મહત્ત્વ કઇ રીતે છે અને આપણી દરેક દિશામાં શું હોવું જોઇએ તે જાણવાનો પ્રયાસ કરીશું.

સૌપ્રથમ તો ઘરમાં કંઇ દિશામાં ક્યો ખંડ આવેલો છે તે જાણવું જરૂરી છે. એ માટે આખા ઘરનું જે બ્રહ્મસ્થાન છે ત્યાં ઊભા રહીને હાથમાં ''હોકાયંત્ર'' રાખીને સંપૂર્ણ રીતે ડિગ્રી પ્રમાણે જોવું જોઇએ. ૦°થી ૩૬૦° છે તો એ પ્રમાણે એકદમ યોગ્ય રીતે ન જોઇએ. બરાબર રીતે વાસ્તુનું પરિણામ મળતું નથી અને હા! અગર જે દિશામાં જે હોવું જોઇએ તે અગર નથી તો તેના માટે ડરવાની જરૂર નથી. પિરામિડશાસ્ત્રમાં એના ઉપાયો પણ છે, પણ એ ઉપાયો આપણે પછી જોઇશું. એ પહેલાં આપણે દિશા વિષે જાણવું જરૂરી છે.

ઉત્તર દિશા : ઉત્તર દિશામાં દેવ શ્રી કુબેરનો વાસ છે અને તત્ત્વમાં જળતત્ત્વનો પ્રભાવ છે અને ગ્રહ પ્રમાણે બુધ ગ્રહનું વર્ચસ્ ઉત્તર દિશા તરફ રહેલું છે. કહેવાય છે કે લક્ષ્મીજીનું આગમન પણ ઉત્તર દિશામાંથી થાય છે, એટલે બને તેટલી ઉત્તર દિશા તરફની દીવાલ કે ભાગ સ્વચ્છ અને ખુલ્લાં રાખવાં જોઇએ. એ દિશામાં ભારે વજન કે કચરો, કચરાપેટી કંઇ નહીં રાખવું જોઇએ.

વ્યક્તિની આર્થિક પરિસ્થિતિ, સુખ, સમૃદ્ધિનો ઘણોખરો આધાર ઉત્તર દિશા પર રહેલો છે. મુખ્ય પ્રવેશદ્વાર, બને તેટલી વધુ બારીઓ, બાલકની, અગાસી વગેરે ઉત્તર દિશામાં હોય તો ઉત્તમ ગણાય છે. ઉત્તર દિશામાં ભૂગર્ભ ટાંકી, બોરવેલ હોય તો ખૂબ જ સારું કહેવાય છે.

ઘરમાં પાણીનો ઢાળ ઉત્તર પૂર્વ તરફ રહે એ રીતે ફ્લોરિંગ રાખવું જોઇએ. એ દિશામાં આપણે લીવિંગ રૂમ, બાળકોનો રૂમ, વડીલોનો રૂમ રાખી શકીએ. તે દીવાલ પર લીલો, આછો લીલો, પીળા કલરનો ઉપયોગ કરી શકાય. કુદરતી દૃશ્યો, વહેતાં ઝરણાંનાં ચિત્રો રાખી શકાય. ઉત્તર દિશામાં ક્યારેય રસોઇઘર કે જાજરુ રાખવાં જોઇએ નહીં. રસોઇઘરથી અગ્નિતત્ત્વ વધે અને જલ અને અગ્નિ ભેગાં થાય એટલે ખૂબ જ તકલીફ વધે, આર્થિક મુશ્કેલી વધે. માટે ખાસ ધ્યાન રાખવું.

ઉત્તર દિશા એટલે ૦° ગણાય છે.

ઈશાન ખૂણો : ઉત્તર અને પૂર્વ દિશાની વચ્ચે ૪૫° પર જે ખૂણો બને છે તેને ઈશાન ખૂણો કહેવાય છે. ઈશાન ખૂણામાં પણ જળતત્ત્વ રહેલું છે અને ગ્રહ પ્રમાણે ગુરુનો વાસ છે. ઈશાન એટલે ઇશ્વરને રહેવાનું સ્થાન, એટલે કે ઇશાન ખૂણામાં ભગવાન શંકરનો વાસ કહેવાય છે. હિમાલય પર્વત આપણા દેશના ઈશાન ખૂણામાં આવેલો છે, એટલે આપણા ઘરનું મંદિર ઈશાન ખૂણામાં પૂર્વની દીવાલ પર રાખવું જોઇએ.

આપણા ઘરમાં વાસ્તુપુરુષ ઊંધો સૂતેલો છે અને તેનું મસ્તક ઈશાન ખૂણામાં રહેલું છે. એટલે ઘણી વાર ઘરમાં આ ખૂણો કટ થતો હોય તો ઘરની મુખ્ય વ્યક્તિ પર માનસિક ટેન્શન, ડિપ્રેશન જેવી તકલીફો આવે છે, કારણકે વાસ્તુપુરુષનું મસ્તક કટ થાય છે. ઈશાન કૉર્નરમાં બને તેટલી સ્વચ્છતા રાખવી અને બિલકુલ વજન ન રાખવું. અગર તે જગ્યાએ બાલકની, અગામી, ખુલ્લા વરંડા, ભૂગર્ભ ટાંકી વગેરે હોય તો ઉત્તમ ફળ આપે છે. એ ખૂણામાં પણ લીવિંગ રૂમ, પૂજા રૂમ, સ્ટડી રૂમ રાખી શકાય. ઈશાન ખૂણામાં પણ રસોઇઘર, જાજરુ કે નવપરિણીત યુગલનો રૂમ નહીં હોવો જોઇએ.

પૂર્વ દિશાઃ પૂર્વ દિશા એટલે સૂર્યનારાયણની દિશા અને દેવમાં ઇન્દ્રદેવની દિશા. આપણાં શાસ્ત્રોમાં પૂર્વ દિશાનું મહત્ત્વ ખૂબ જ બતાવાયું છે. તે ઘણી જ શુભ દિશા મનાય છે, કારણકે તે ઊગતા સૂર્યની દિશા છે. સવારે સૂર્યોદય થતાં જ તે દિશાએથી ઊર્જા અને પ્રકાશનો સ્ત્રોત વહેવાનું ચાલુ થાય છે. કોઇ પણ શુભ કાર્ય અથવા પૂજાપાઠ કરતી વખતે આપણે પૂર્વ દિશા તરફ મોઢું રાખીને કરીએ છીએ. અજ્ઞાનનો અંધકાર દૂર કરી જ્ઞાનના પ્રકાશ તરફ લઇ જાય છે પૂર્વ દિશા.

આ દિશાનું વાસ્તુ બરાબર હોય તો જીવનમાં યશ, કીર્તિ, ભાગ્યોદય, સર્વાંગી વિકાસ, સર્જનાત્મક શક્તિ, ખુશી વગેરે વધે છે. બાળકો પૂર્વ દિશા તરફ મુખ રાખીને ભણે તો તેની યાદશક્તિ, સમજશક્તિ અને એકાગ્રતામાં વધારો થાય છે.

આ દિશા પણ બને તેટલી સ્વચ્છ, ખાલી, ખુલ્લી હોવી જોઇએ. મુખ્ય પ્રવેશદ્વાર, વધારે બારીઓ, બાલકની, અગાસી પૂર્વ દિશામાં હોય તો સારું ફળ મળે છે. આ દિશામાં પણ લીવિંગ રૂમ, બાળકોનો રૂમ, અભ્યાસ રૂમ, ડાઇનિંગ રૂમ વગેરે રાખી શકાય. અગર પૂર્વ દિશામાં બ્લૉકેજ (દીવાલો) હોય તો માનસિક અશાંતિ, વ્યગ્રતા, જ્ઞાન અને ખુશીનો અભાવ વગેરે જોવા મળે છે.

# મંગલમય કરુણાનું દિવ્ય સામ્રાજ્ય

■ ગુણવંત બરવાળિયા

સૂર્યનાં સૌમ્ય કિરણો રાત્રિનાં અંધારાંને દૂર કરી નગરી પર પ્રકાશનું આધિપત્ય જમાવી રહ્યાં છે. પ્રભાતના રમ્ય વાતાવરણમાં, જ્યોતિષવિદ્યાના પ્રખર વિદ્વાન છાયાશાસ્ત્રી વિદ્યાપાળ અને તેમના મિત્ર હર્ષદત્ત ચાલી રહ્યા હતા. શાંત વાતાવરણમાં મૌન તોડતાં હર્ષદત્તે કહ્યું, ''મિત્ર! થોડી ક્ષણો પહેલાં આ માર્ગ પરથી કોઈ મહાન વ્યક્તિ પસાર થઈ હોવી જોઈએ.''

''મિત્ર, શા કારણે આમ કહે છે?'' વિદ્યાપાળે પ્રશ્ન કર્યો. કોયલનો ટહુકો અને ખળખળ વહેતાં ઝરણાંના સંગીતનું સામંજસ્ય, મલયાનિલને સુગંધિત બનાવતી ફૂલોની પરાગ, સામેની એક તલાવડીમાં સિંહ અને હરણ બન્ને સાથે પાણી પી રહ્યાં છે, એક જ વૃક્ષની છાયામાં સાપ અને નોળિયો વિશ્રામ કરી રહ્યા છે. માર્ગ નિષ્કંટક છે. મિત્ર! આ બધું કોઈ દિવ્ય પુરુષના પરમાણુની ઉપસ્થિતિની અનુભૂતિ કરાવે છે. વાતાવરણનું માધુર્ય અને પ્રસન્નતાની પ્રતીતિ કરાવે છે. અધ્યાત્મસાધનામાં મસ્ત રહેતા ધર્મનિષ્ઠ હર્ષદત્તે વાત પૂરી કરી.

નતમસ્તક ચાલી રહેલા પંડિત છાયાશાસ્ત્રી નીચે રસ્તા પર જોઈ દંગ થઈ ગયા, થંભી ગયા અને બોલ્યા, મિત્ર, તારી વાતમાં તથ્ય લાગે છે, જો આ પગલાં! કોઈ સમ્રાટનાં પગલાં... શતદલ કમળની પાંખડીમાંથી જાણે પરાવર્તિત થયેલ રેખાઓ...! સામુદ્રિક લક્ષણ પ્રમાણે એક ચક્રવર્તી સમ્રાટનાં પગલાં જ હોય, પરંતુ પંડિત વિદ્યાપાળ ક્ષણિક ચમક્યા અને પછી બોલ્યા, ચક્રવર્તી સમ્રાટ...એકલા...અને ખુલ્લે પગે... જો સમ્રાટ જતા હોય તો તેની સાથે પરિવાર, સેવકો કે સેના પણ હોય, પરંતુ આ પગલાં તો એક જ વ્યક્તિના છે. મિત્ર! શું મારી જ્યોતિષવિદ્યા મને દગો દઈ રહી છે? શું આ ઉંમરે મારી બુદ્ધિ નષ્ટ થઈ રહી છે?

હર્ષદત્ત કહે ના, મિત્ર નિરાશ ન થા, મને તારી જ્યોતિષવિદ્યામાં શ્રદ્ધા છે અને બન્ને મિત્રો પેલાં પગલાંનું અનુસરણ કરતાં આગળ ચાલ્યા. આ પગલાં રાજગૃહીનગરના ગુણશીલ ચૈત્યઉદ્યાનમાં કાર્યોત્સર્ગ મુદ્રામાં ધ્યાન કરી રહેલા એક સાધક પાસે સમાપ્ત થયાં.

ખિન્ન વદને વિદ્યાપાળ બોલ્યા, હર્ષ! ક્યાં છે સમ્રાટ? અહીં તો એક ભિક્ષુક...!

હર્ષવિભોર હર્ષદત્ત બોલ્યા, વિદ્યાપાળ તારી વિદ્યાને ગૌરવ અપાવે એવી આ ઘટનાની વાત સાંભળ, 'જેમના મુખારવિંદ પર પ્રશમ ભાવો રમી રહ્યા છે તેવા કલ્યાણમિત્ર આ ભિક્ષુક બીજા કોઈ નહીં, પરંતુ સ્વયં ભગવાન મહાવીર છે.'

'આંતરકર્મો સામે દારુણ યુદ્ધ કરી વિજય મેળવનાર ચક્રવર્તી છે. અષ્ટકર્મના કાલીનાગને સંયમનાં શસ્ત્રોથી એમણે જીતી લીધા છે. નિર્વિકલ્પ ધ્યાનરૂપી પિતાના ખોળામાં તે ઊભા છે. તે અહિંસારૂપી અષ્ટપ્રવચન માતાની નિશ્રામાં છે. બ્રહ્મચર્યરૂપી ભાઈ, અનાસક્તિરૂપી બહેનને એમનું સદૈવ સાન્નિધ્ય છે. શાંતિરૂપી પ્રિયતમા એના જીવનમાં અભિપ્રેત છે. વિવેકરૂપી પુત્ર અને ક્ષમારૂપી પુત્રી તેની સાથે જ હોય છે. અનેકાંત તેનો મંત્રી છે.'

'રાજાની સેનાને એક નિશ્ચિત સીમા હોય, પરંતુ પ્રભુના આભામંડળમાંથી નીકળેલાં દિવ્ય કિરણો અગણિત લોકોના કલ્યાણનું કારણ બની જાય, અકારણ કરુણા કરનારા, આ યુગપુરુષના ઉચ્ચ પુણ્ય અને તીર્થંકરના અતિશયોની અસરને કારણે તેમની ઉપસ્થિતિથી ચોપાસ વેર-વિખવાદ મટે, રોગ ન હોય, દુષ્કાળ ન હોય, માલકૌંસ રાગમાં પ્રવાહિત થતી તેમની પાવન વાણી સૃષ્ટિના તમામ જીવો પોતાની ભાષામાં સમજી અને સ્વનું કલ્યાણ સાધી શકે.'

'એમના શુભતરંગોની સેના જ ચારેબાજુ સુરક્ષા કરી શકે છે. એમનું ધર્મચક્ર સર્વત્ર આનંદ, શાંતિ અને માધુર્ય ફેલાવતાં રહે છે. તેમને સ્પર્શેલું વાયુમંડળ સર્વત્ર પવિત્રતા અને ચંદન જેવી શીતળતા પ્રસરાવે છે. સંસારના તમામ સામ્રાજ્ય કરતાં આ સામ્રાજ્ય ઉત્કૃષ્ટ છે. કોઈ પણ વ્યક્તિ સાથે લડાઈ નથી કરી, હિંસા નથી કરી છતાં હૃદયસિંહાસન પર રાજ્ય કરનારા આ રાજાનું જ વાસ્તવિક રાજ્ય છે, કારણકે આ સામ્રાજ્યમાં હિંસા નથી, ચોરી નથી, અબ્રહ્મ નથી, જૂઠ નથી અને પરિગ્રહ નથી. અહીં સત્યના સિંહાસન પર અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય અને અપરિગ્રહને રાજતિલક કરાયું છે.'

હર્ષદત્તે જ્યારે વાત પૂરી કરી ત્યારે બન્ને મિત્રોએ ભગવાનનાં શ્રીચરણોમાં ભાવપૂર્વક વંદના કરી અને છાયાશાસ્ત્રી વિદ્યાપાળે કહ્યું, 'હવે મને સમજાયું કે સામુદ્રિક લક્ષણો માત્ર બાહ્ય ચિહ્નો કે સંકેતો પર આધારિત નથી હોતાં. માનવીની આંતરિક લાક્ષણિકતાઓમાં અગણિત સંભાવના છુપાયેલી પડી હોય છે. આજે હું ભગવાન મહાવીરના આંતરવૈભવના ઘૂઘવતા સાગરનાં પ્રચંડ મોજાં નિહાળી રહ્યો છું.'

મિત્ર! આજે મારી જ્યોતિષવિદ્યા સાચે જ સાર્થક થઈ. આજે મને સાચા સમ્રાટનું દર્શન થયું. પંચમહાવ્રતનું માહાત્મ્ય સમજાયું. પ્રણામ હો અનેકાંત દૃષ્ટાને, વંદન હો મંગલમય કરુણાના દિવ્ય સામ્રાજ્યને!

# ઉચ્ચ શિક્ષણ અભિયાન

સમગ્ર જૈન સમાજને આવરી લેવા જેજેસી-સેન્ટ્રલ બોર્ડ અને ચૅરિટેબલ ટ્રસ્ટના આ અભિયાનમાં વિદ્યાર્થી અને તેમના વાલીઓની F to F મુલાકાત લઈ તેમને પ્રોત્સાહન આપવા મુંબઈ તથા આજુબાજુના વિસ્તારોમાંથી તેમને મુંબઈ બોલાવવામાં આવે છે, પણ ગુજરાત અને તેની આજુબાજુના વિસ્તારના વિદ્યાર્થીઓને મુંબઈ આવવાની સમસ્યા (ટ્રેન-બસભાડાં તથા ઊતરવાની) ન થાય એટલે સેન્ટ્રલ બોર્ડ જ સાગમટે એક અનુકૂળ દિવસે અમદાવાદ પહોંચી જાય છે.

રવિવાર, તા. ૧૪-૮-૨૦૧૧ના રોજ પાલડીમાં આવેલ હોટેલ EPSILONના બેન્ક્વેટ હૉલમાં કુલ ૧૭૫ વિદ્યાર્થી અને વાલીઓની મુલાકાત લઈ આર્થિક પરિસ્થિતિથી, અભ્યાસ સામે ઊભા થયેલા પ્રશ્નાર્થથી હતપ્રભ થયેલા હોશિયાર વિદ્યાર્થીઓને બળ પૂરું પાડતું પ્રોત્સાહન આપી One the Spot ચેક આપી તેમને charge કરીને મોકલ્યા.

ઈન્ટરવ્યૂનું નામ પડે એટલે દારાસિંઘ પણ ધ્રૂજવા માંડે, પણ અહીંનો અનુભવ લઈ જનાર દરેક વિદ્યાર્થી અત્યાર બાદ કોઈ પણ ઈન્ટરવ્યૂ આપતી વેળા વિમાસણ નહીં અનુભવે! સૌથી પ્રથમ તો પદાધિકારીના ટેબલની સામેની ખુરશી પાસે પહોંચે ત્યાર પહેલાં તો ઉશ્માભર્યા સ્મિતસહ આવકાર, ‘‘આવ બેટા કેમ છો? જય જિનેન્દ્ર’’ સાંભળતાં જ વિદ્યાર્થી પૂરેપૂરી હળવાશ અનુભવવા માંડે, તેનો આત્મવિશ્વાસ Re-charge થઈ જાય, ગંભીર-ભારે વાતાવરણમાં મોકળાશ છવાઈ જાય.

ઈન્ટરવ્યૂમાં કોઈ જ મૂંઝવનારા પ્રશ્નો નહીં. સંપૂર્ણપણે પારદર્શક્તા અને સહજતા. માહિતી આપતાં અને લેતાં સવાલ-જવાબ, વિદ્યાર્થીઓ મૂંઝાઈ જાય કે કહેતા અચકાય તેવા Cross Questionsવાળી ઊલટતપાસ નહીં, હતોત્સાહ થઈ ગયેલા વાલીઓને પણ સાંભળવા મળે પ્રેરક શબ્દો. અવધિ તો ત્યારે આવે કે વિદ્યાર્થીઓને કહેવામાં આવે કે, ‘‘ભણી ગણીને લાઈનસર થાવ ત્યારે સૌથી પહેલાં મા-બાપના સુખનું-સગવડતાનું ધ્યાન રાખવાનું, તેમને બરાબર સાચવવાના.’’

ત્યારે ત્યાં ભાવભર્યું વાતાવરણ સર્જાઈ જાય. એક કૌટુંબિક, પારિવારિક માહોલ ઊભો થઈ જાય. વાલીઓની આંખમાં ઝળઝળિયાં આવી જાય. આવો ઈન્ટરવ્યૂ કોઈએ જોયો નહીં હોય. લોન સ્વરૂપે અપાયેલ આર્થિક મદદ માટે કોઈ વ્યાજ નહીં, કોઈ ગૅરંટર નહીં, Post Dated ચેક નહીં કે પ્રોમિસરી નોટ નહીં. બસ સારા સંસ્કારોની વાવણી.

હું જ્યારે આ રિપોર્ટ લખી રહ્યો હતો ત્યારે મારી પાછળ ચુપચાપ આવીને ઊભા રહીને વાંચતા આપણા સેન્ટ્રલ બોર્ડના સમર્પિત સુજ્ઞ ચાર્ટર એકાઉન્ટન્ટ શ્રી અમિત કોઠારી કહે કે ખોટી વાત છે! કોણ કહે છે ઈન્ટરેસ્ટ નથી લાગતું - ગૅરંટર કે ગૅરંટી નથી, કે Repaymentની શરત નથી. બધું જ છે. હું ચોંકી ગયો. C.A. છે એટલે તેમના કથનમાં કાંઈક તો તથ્ય હશે જ! તેમણે મને સમજાવ્યું. તેમના શબ્દો comparative ચાર્ટના સ્વરૂપમાં આપણે વાંચીએ અને પુલકિત થઈએ.

| આર્થિક મદદ માટે | ફાઈનાન્સિયલ ઇન્સ્ટિટયૂટ | જૈન જાગૃતિ સેન્ટર |
|---|---|---|
| લાયકાત | મજબૂત આર્થિક સ્થિતિ | જૈન હોવું જરૂરી |
| લોન રકમ | સિક્યુરિટી પ્રમાણે | જરૂરિયાત પ્રમાણે |
| સિક્યુરિટી | સ્થાવર મિલકત, પ્રૉપર્ટી વગેરે | સુંદર સંસ્કાર જે જૈનોમાં સહજરૂપ છે |
| વ્યાજદર | માર્કેટ દર | જેજેસી પ્રત્યેની શુભેચ્છા |
| લોનચુકવણી | લોનની રકમ + વ્યાજ | લોનની રકમ + સેટલ થયા બાદ ભવિષ્યમાં જૈન વિદ્યાર્થીઓને મદદ કરવાનું વચન |
| જવાબદારી | લોન ચૂકવી દેવાની | જેજેસીનું શિક્ષણ અભિયાન તથા અન્ય સામાજિક કાર્યક્રમોમાં સક્રિય ભાગ લઈ જેજેસીના (Ambassador) પ્રતિનિધિ બની રહેવાનું |

મુંબઈથી તો આટલા બધા પદાધિકારીઓ એક ગૉલ નક્કી કરીને ગયા હતા, પણ તેમને મદદ કરવા ત્યાંથી પણ ઘણાબધા જોડાઈ ગયા. સર્વશ્રી મનુભાઈ મણિયાર, વિજયભાઈ, ચેતનભાઈ, હીરેનભાઈ વકીલ, પ્રવીણભાઈ વગેરે.

૭૩ વર્ષની જૈફ ઉંમરે યુવાનોને પણ શરમાવે તેવી સ્ફૂર્તિથી દોડાદોડી કરી કામ કરતા ટ્રસ્ટના ચૅરમૅન શ્રી કિશોરભાઈને મેં જોયા. સેન્ટ્રલ બોર્ડના ચૅરમૅન શ્રી જિતુભાઈ કોઠારીની આગેવાની હેઠળ ગયેલી કમિટીની જુદી જુદી ટીમ બનાવી ઈન્ટરવ્યૂ લેવાતા હતા અને ઝડપથી કામ આટોપાતું હતું. તે પ્રમાણે...

ટીમ – ૧) શ્રી જિતુભાઈ કોઠારી
શ્રી કિશોર શાહ
શ્રી પ્રવીણભાઈ એ. શાહ

ટીમ – ૨) શ્રી સંજય શાહ
શ્રી રાજેશ ભણશાળી
શ્રી પ્રફુલ્લ શાહ

ટીમ – ૩) શ્રી પ્રફુલ્લ કામદાર
શ્રી ચંદ્રવદન શાહ

ટીમ – ૪) શ્રી રાજેશ ગાંધી
શ્રી અમિત કોઠારી

ટીમ – ૫) શ્રી કિશોર શેઠ
શ્રી કીર્તિભાઈ સખપરા
શ્રી રમેશ સંઘવી

માંડવી લે. વિ.નાં પ્રમુખ શ્રીમતી પ્રતિમાબહેન ત્યાં આવેલ. તેમણે કામગીરીનું નિરીક્ષણ કરી પોતાનું મંતવ્ય લખી મોકલાવેલ છે. તે પ્રમાણે ''હોદ્દેદારોની કામ કરવાની આખી પ્રક્રિયામાં એક વિશિષ્ટ પ્રકારનાં શિસ્ત અને સંકલનનાં દર્શન થતાં હતાં. વિદ્યાર્થીઓ સાથેના ઈન્ટરવ્યૂ દરમિયાન તેઓને અભ્યાસ પ્રત્યેનો અભિગમ વધુ ને વધુ સક્ષમ અને શ્રેષ્ઠ બનાવવાની ખાસ ભલામણ કરવામાં આવતી હતી. સામા પક્ષે વિદ્યાર્થીઓએ પણ હવે અમે પણ આ શૃંખલાની જ કડી બન્યા છીએ. ભવિષ્યમાં અમારાં તન-મન અને ધન યથાશક્ય સમર્પિત થઈશું''. આવા પારસ્પરિક અભિજાત્ય અમી વ્યવહારથી સમગ્ર હૉલમાં એક અજબની પ્રસન્નતા અનુભવવા મળી.

દરેક પદાધિકારીઓની આંખોમાંથી વિદ્યાર્થી પ્રત્યે વાત્સલ્ય નીતરતું હતું. સો સો સલામ છે દાતાઓને અને હજારો સલામ છે સેન્ટ્રલ બોર્ડના આ હોદ્દેદારોને!!

શ્રીમતી પ્રતિમા સંઘવી
પ્રમુખ : લે.વિ. માંડવી (કચ્છ)

યોગાનુયોગ આ કાર્યવાહી દરમિયાન શ્રી પ્રવીણભાઈ એ. શાહના મિત્ર શ્રી પુરુષોત્તમભાઈ પુંગલિયા આવેલા. જેજેસીની કાર્યપદ્ધતિ, સંકલન, ત્વરિત નિર્ણય લેવાની શક્તિ અને ઝડપી Exeecution જોઈને તેઓ એટલા બધા પ્રભાવિત થયા કે તેમણે ત્યાં ને ત્યાં જ રૂા. ૧,૦૦,૦૦૦નો ફાળો અર્પણ કર્યો.

અહેવાલ : તંત્રી

સમગ્ર કાર્યવાહીની અમુક ક્ષણોને કચકડે ઝડપી લીધી છે, જે Centre Spreadમાં આપેલ છે.

## પિકનિક

■ **જેજેસી-જૂનાગઢ** : સેન્ટર દ્વારા શુક્રવાર, તા. ૨૪-૬-૨૦૧૧ના રોજ બિલનાથ મહાદેવ પરિસરમાં એક દિવસની પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું જ્યાં સભ્યોએ ભરપૂર આનંદ માણી મોજમજાનો લહાવો લીધો.

## વ્યાખ્યાન માળા

ગત્ અંકમાં આપણે વ્યાખ્યાનમાળાનું મહત્ત્વ સમજાવતો લેખ વાંચ્યો.

આ વર્ષના પર્યુષણ દરમિયાન અમુક સેન્ટરોએ વ્યાખ્યાનમાળાનું આયોજન કર્યું જે નીચે મુજબ છેઃ

(૧) જૈન જાગૃતિ સેન્ટર્સે મિલાવ્યા હાથ જૈન સોશિયલ ગ્રુપ્સ સાથે. જેજેસી-જુહુ બીચ - જુહુ - વિલે પાર્લે – બીચ સાઈડ તથા સી સાઈડ અને જૈન સોશિયલ ગ્રુપ અંધેરી અને પાર્લે-સાંતાક્રુઝના સંયુક્ત કાર્યક્રમમાં શુભમ હૉલ ખાતે પાંચદિવસીય પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન કર્યું.

(૨) જૈન જાગૃતિ સેન્ટર્સ કાંદિવલી અને મલાડ સાથે જૈન સોશિયલ ગ્રુપ મલાડ-ગોરેગામ તથા શ્રી મલાડ કચ્છી જૈન યુવક સમાજના સહયોગમાં તા. ૧૮-૧૯-૨૦-૨૧ મલાડ ખાતે આંતરશત્રુઓ સામે યુદ્ધ છેડી, દુઃખોથી, કુબુદ્ધિથી, દોષોથી અને દુર્ગતિથી બચવા, પાપોથી નિવૃત્ત થવા, અપ્રમત્ત બનીને આત્મગુણોની કમાણી કરી લેવા, જિનદર્શન સાથે જીવનનાં દરેક ક્ષેત્રનાં વિવિધ પાંસાંનું ચિંતન કરી ઉદ્દાત વિચારોને, ફિલસૂફીને આપણી સમક્ષ રાખનારા વિદ્વાનોને આમંત્રી વ્યાખ્યાનોના મણકા સર્જ્યા અને જિનદર્શન સાથે જીવનદર્શન મેળવવાની તક આપી જૈન રાગીઓને.

(૩) સાયન-માટુંગા સેંટરે શ્રી ગુજરાતી કેળવણી મંડળના સહયોગમાં વ્યાખ્યાનમાળાનું આયોજન શુક્રવાર, તા. ૨૬-૮-૨૦૧૧થી ગુરુવાર તા. ૧-૦૯-૨૦૧૧ના રોજ કર્યું.

# એ... સાદ સાંભળજો રે...

**જેજેસી પરિવારના દરેક સેન્ટરના કમિટી સભ્યો તથા સામાન્ય સભ્યો, સાંભળજો...**

**જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ**
**દ્વારા આયોજિત**
**જૈન સમાજના દરેક ફિરકાઓને આવરી લેતો**

## ૧૭મો સમૂહલગ્નોત્સવ

**શુક્રવાર, તા. ૧૬-૧૨-૨૦૧૧**

**સ્થળ :** પોલીસ પરેડ ગ્રાઉન્ડ નં. ૨, કુકરેજા પૅલેસની પાછળ, વલ્લભબાગ એક્ષટેન્શન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૫.

**પ્રેરક દાતા** : શ્રીમતી નલિનીબહેન ધીરજલાલ રામજીભાઈ દેસાઈ પરિવાર
**ભોજનના દાતા** : શ્રીમતી લતાબહેન અનિલભાઈ ખીમચંદ ખંધાર પરિવાર
**સજાવટના દાતા** : જેજેસી-ગોલ્ડન ગારોડિયા

કુલ ૨૧ યુવક-યુવતીનાં લગ્ન કરાવવામાં આવશે. વહેલા તે પહેલાના ધોરણે Registration કરવાનું શરૂ થઈ ગયું છે. અત્યાર સુધીમાં ૧૧ નામ આવી ગયાં છે.

વર અને કન્યા, બન્ને પક્ષના વડીલોએ રૂબરૂમાં સેન્ટ્રલ બોર્ડની ઑફિસમાં આવી જરૂરી ફૉર્મ ભરી મુકરર કરેલ ચાર્જ ભરવાનો રહેશે. ૨૧ નામ આવ્યાં બાદ કોઈ પણ હિસાબે બીજાં નામ લેવામાં આવશે નહીં.

સંપર્કસૂત્ર : સચીન પવાર-૬૫૭૨૬૬૩૬ / ૬૬૯૭૩૦૩૮

—o—o—

**જેજેસી-સેન્ટ્રલ બોર્ડ આયોજિત આગામી છઠ્ઠી Inter Centre Cricket Tournament** તા. ૧૩-૧૪-૧૫, જન્યુઆરી, ૨૦૧૨ના દિવસોમાં રમાડવાનું મુકરર કરેલ છે. આ મૅચ Day-Night રમાવાની છે. World Cup કે IPLની પ્રતિકૃતિ સમાન નિયમોથી રમાડવામાં આવશે. બહુ જ ઉત્સાહ, ઉન્માદ, નિખાલસતા અને ખેલદિલીથી સ્પર્ધા રમાય છે.

સેન્ટ્રલ બોર્ડ ઈચ્છે છે કે જેજેસી પરિવારનાં બધાં જ સેન્ટરો (લેડીઝ વિંગ સહિત) આમાં જોડાય. બહારગામથી રમવા આવતી ટીમ માટે રહેવાની, જમવાની તથા ટ્રાન્સપોર્ટની બધી વ્યવસ્થા સેન્ટ્રલ બોર્ડ કરશે. જો કોઈ નાના સેન્ટરમાંથી ટીમ બનતી ન હોય તો બે-ત્રણ સેન્ટર મળીને ટીમ બનાવી શકશે. તે માટે અગાઉથી સેન્ટ્રલ બોર્ડની મંજૂરી લેવી આવશ્યક છે. ટુર્નામેન્ટને લગતા નિયમો પછીથી જણાવવામાં આવશે.

તો ક્રિકેટમાં ભાગ લેવા અત્યારથી જ તૈયારી શરૂ કરી દેશો એમ સેન્ટ્રલ બોર્ડ જણાવે છે.

—o—o—

## ૧૮મો જૈન સમૂહ લગ્નોત્સવ

જૈન જાગૃતિ સેન્ટર-સુરેન્દ્રનગર આયોજિત ૧૮મો સમૂહલગ્નોત્સવ તા. ૨૭-૧૧-૨૦૧૧ ને રવિવારના રોજ યોજનાર છે. લગ્નોત્સુક યુવક-યુવતીઓના વાલીઓએ વહેલી તકે સંપર્ક કરી નામ નોંધાવશો.

સંપર્ક સૂત્ર : શ્રી દ્વિજેશ પી. શાહ-પ્રમુખ (૯૪૨૬૯૧૪૭૯૬)
શ્રી સી. સી. શાહ-પ્રો. ચૅરમૅન (૯૪૨૭૨૦૩૨૯૦)

FINAL Proof

# ચરમ તીર્થંકર શ્રી મહાવીર

■ ડૉ. આરતી નલિન વોરા

વર્તમાન ચોવીશીના ચરમ તીર્થંકર શ્રી મહાવીરનાં આપણે સંતોના છીએ, કારણકે આપણે શ્રી મહાવીરના શાસનનું પાલન કરનારા છીએ. હાલ અવસર્પિણી કાળનો પાંચમો આરો ચાલી રહ્યો છે. દરેક અર્ધકાળચક્રનો સમયગાળો દશ ક્રોડાક્રોડી સાગરોપમનો હોય છે. એ સમય દરમિયાન એટલે કે દરેક અર્ધકાળચક્રમાં ચોવીશ તીર્થંકર થાય છે, જે 'ચોવીશી' કહેવાય છે. આપણને ક્યારેક એવો વિચાર આવે પણ ખરો કે દરેક અર્ધકાળચક્રના સમયગાળામાં ચોવીશી જ શા માટે થાય? ખરું ને? જ્યારે કોઈ પણ તીર્થંકરનો જન્મ થાય ત્યારે બધા ગ્રહ સર્વોચ્ચ સ્થાને હોય છે. જ્યોતિષવિજ્ઞાન પ્રમાણે આવા ઉત્તમ યોગ - ગ્રહોની ઉચ્ચતમ દશા દશ ક્રોડાક્રોડી સાગરોપમમાં ફક્ત ચોવીશ વખત જ આવે છે. તેથી જ તીર્થંકરની સંખ્યા તે દરમિયાન ચોવીશ જ હોય છે. પ્રભુ શ્રી મહાવીરના જન્મોત્સવનું વર્ણન કલ્પસૂત્રના વાંચન દરમિયાન થાય છે ત્યારે આપણને જાણવા મળે છે કે તે સમયે પણ બધા ગ્રહો ઉચ્ચતમ સ્થિતિમાં હતા. પર્યુષણ પર્વ દરમિયાન આપણે શ્રી મહાવીરના જીવનની કેટલીક ઘટના, તેમનાં કલ્યાણક અને ઉપદેશ વિશે જાણી લઈએ.



દરેક તીર્થંકરનાં પાંચ કલ્યાણકનો મહિમા હોય છે. ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષ. આ પાંચ પ્રસંગો એ પ્રભુના જીવનની મહત્ત્વપૂર્ણ ઘટના છે જે અનેક જીવોને માટે પ્રેરણાદાયી છે અને કલ્યાણનું કારણ બને છે. પ્રભુના કલ્યાણકની સાથે બીજા જીવોનું પણ કલ્યાણ થાય છે. લોકોમાં સમ્યગદર્શનાદિ કલ્યાણકારી ભાવ પ્રગટ થાય છે.

પ્રાણત નામના સ્વર્ગમાંથી ચ્યવન કરી પ્રભુ બ્રાહ્મણકુંડ નામના ગામમાં ઋષભદત્ત નામના બ્રાહ્મણની પત્ની દેવનંદાની કુક્ષિમાં ઉત્પન્ન થયા. પૂર્વે મરીચિના ભવમાં જાતિ અને કુળની શ્રેષ્ઠતાનો મદ કર્યો હોવાથી બ્રાહ્મણકુળમાં આવવું પડ્યું. બ્યાશી (૮૨) રાત સુધી તે ગર્ભમાં રહ્યા પછી શક્રેન્દ્રની આજ્ઞાથી હરિણૈગમેષી દેવે તેમને સિદ્ધાર્થ રાજાની મહારાણી ત્રિશલાદેવીના ઉદરમાં પ્રસ્થાપિત કર્યા. તીર્થંકરની માતાને તે સમયે ચૌદ સ્વપ્નો દેખાય છે. ત્રિશલામાતાએ જે ચૌદ સ્વપ્નો જોયાં તેનું ફળકથન હતું કે દેવીને જે પુત્રરત્ન થશે તે ધર્મચક્રવર્તી થશે, મહાન તીર્થંકર થશે. ધર્મશાસક કે પ્રવર્તક બનશે. જ્યારથી પ્રભુ ગર્ભસ્થ થયા ત્યારથી રાજ્યમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થવા લાગી. તેથી તેમનો જન્મ થયો ત્યારે નામ 'વર્ધમાન' રાખવામાં આવ્યું.

પ્રભુ મહાવીર જ્યારે ગર્ભમાં હતા ત્યારે ગર્ભમાં હલનચલન કરીશ તો માતાને કષ્ટ થશે એમ વિચારી નિશ્ચલ થઈ ગયા, હલનચલન રહિત થઈ ગયા તેથી માતા વિલાપ કરવા લાગ્યાં અને પૂરો પરિવાર શોકમગ્ન થઈ ગયો. ભગવાને અવધિજ્ઞાનથી માતા-પિતા અને પરિવારજનોની વિહ્વળતા જોઈ અને વિચાર્યું કે માતાના સુખ માટે જે કર્યું તે તો માતા માટે દુઃખદાયી બની ગયું. તેમણે હલનચલન શરૂ કર્યું તેથી માતા-પિતા પ્રસન્ન થઈ ગયાં. તેથી મહાવીરે ગર્ભમાં રહ્યા રહ્યા જ અભિગ્રહ - સંકલ્પ કર્યો કે જ્યાં સુધી માતા-પિતા જીવતાં હશે ત્યાં સુધી હું ગૃહવાસનો ત્યાગ કરી દીક્ષા અંગીકાર કરીશ નહિ. તેમનો માતા-પિતા પ્રત્યેનો લૌકિક પ્રેમ અલૌકિક બની ગયો.

ચૈત્ર માસના શુક્લપક્ષના તેરમા દિવસે જ્યારે બધા ગ્રહો ઉચ્ચ સ્થાનમાં હતા અને બધાં શુભ સુકન હતાં ત્યારે ત્રિશલામાતાએ નિરોગી અને સ્વસ્થ પુત્રને જન્મ આપ્યો. ભગવાનનો જન્મ થવાથી તે નગરી જ નહિ, પણ સમસ્ત સંસાર લોકોતર પ્રકાશથી પ્રકાશિત થઈ ગયો. તીર્થંકરનો જન્મ પૃથ્વી પર થવો તે અધ્યાત્મ, ધર્મ અને જ્ઞાનના મહાપ્રકાશનું સાક્ષાત્રૂપમાં અવતરણ છે. તેમનાં ઉપદેશ અને જ્ઞાનથી માત્ર મનુષ્યલોક જ નહિ, પરંતુ ત્રણે લોક પ્રકાશમાન થાય છે. તે દૃષ્ટિથી તીર્થંકરના જન્મ સમયે, દીક્ષા અને કેવળજ્ઞાનની પ્રાપ્તિના સમયે ત્રણેય લોકમાં અપૂર્વ ઉદ્યોત થયાની વાત આગમમાં આવે છે.

ભગવાનનો જન્મ થતાં જ શક્રેન્દ્રનું સિંહાસન કંપાયમાન થયું. દેવો અને ઈન્દ્રોને પ્રભુજન્મની જાણ થતાં જ તેઓ કુંડપુર નગરીમાં પધાર્યા અને પ્રભુને મેરુ શિખર ઉપર લઈ ગયા. જ્યારે અભિષેક કરવા બધા દેવો જળકળશ લઈને ઊભા હતા ત્યારે સૌધર્મ ઈન્દ્રના મનમાં શંકા થઈ કે નવજાત બાળક આટલા જળપ્રવાહને કઈ રીતે સહન કરી શકશે? અવધિજ્ઞાનથી ઈન્દ્રની શંકા જાણીને ભગવાને ડાબા પગના અંગૂઠાથી મેરુ પર્વતને કંપાયમાન કર્યો. આ રીતે બાળસ્વરૂપમાં પણ ભગવાને પોતાની અનંતશક્તિ પ્રદર્શિત કરી. તેમના શરીરનું બંધારણ સુગઠિત, બલિષ્ઠ અને સોના સરખું કાંતિમાન હતું. મુખમંડળ સૂર્યસમાન તેજસ્વી

હતું. તેમનું હૃદય કોમળ અને ભાવનાઓ વિરાટ હતી. બાળક હોવા છતાં તે વીર સાહસી અને ધૈર્યવંત હતા.

શુક્લપક્ષના ચંદ્રની જેમ તેમની વૃદ્ધિ થતી રહી. તેમના મનમાં શૌર્ય અને પરાક્રમી લહેરો ઊઠતી હતી. મહાવીર શિશુકાળથી જ વિશિષ્ટ પ્રતિભાશાળી હતા. તેઓ ચિંતનશીલ હતા. સંસારમાં હતા, પણ જળકમળવત્ નિર્લેપ ભાવે રહેતા હતા. માતા-પિતાના પ્રેમભર્યા આગ્રહવશ તેમણે વિવાહબંધન સ્વીકાર્યું.

ભગવાન મહાવીરે માગશર વદ દશમના દિને દીક્ષા ગ્રહણ કરી માતા-પિતાના સ્વર્ગવાસ પછી બે વર્ષે મોટા ભાઈની અનુમતિ મેળવી પંચમુષ્ઠિ લોચ કરી, સિદ્ધોને નમસ્કાર કરી, પ્રતિજ્ઞા ગ્રહણ કરી કે તેમના માટે સર્વ પાપ અકરણીય છે. તેમણે સામાયિક ચારિત્રનો સ્વીકાર કર્યો. દીક્ષા પર્યાયમાં તેમણે સાધના કરી. તે દીર્ઘ તપસ્વી હતા. તેમણે સાડા બાર વર્ષ તપ અને સાધનામાં વિતાવ્યાં હતાં. તે દરમિયાન તેમણે ખૂબ જ ઉપસર્ગો વેઠવા પડયા હતા. દરેક આત્મા-સિદ્ધ કે છદ્મસ્થ-સહુને મુક્તાવસ્થા પ્રાપ્ત કર્યા પહેલાં સંસારપરિભ્રમણ એટલે કે જન્મ-મરણનાં અનેક ચક્રોમાંથી પસાર થવું પડતું હોય છે. કર્મની સત્તા ગજબની છે. તેમાંથી કોઈ બાકાત રહી શકતું નથી. દરેક આત્મા પરમાત્મા બનવાનો અધિકારી હોઈ શકે છે. દરેક આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અને આઠ ગુણોથી યુક્ત હોય છે, છતાં કર્મના આવરણને લીધે એ ગુણો ઢંકાઈ જાય છે. એ કર્મ ખપાવ્યાં પછી જ આત્મા મુક્ત અવસ્થા પામી શકે છે. તપ કરવાથી કર્મનિર્જરા થાય છે. પૂર્વ કર્મોને બાળવામાં તપ પ્રજ્વલિત અગ્નિરૂપ છે. તપનો સાચો હેતુ જીવનમાં ઊંડા ઊતરીને જીવનનો અંતર્મળ ફેંકી દેવાનો છે. તપની સાથે સંયમ, ત્યાગ અને વિવેક ભળે તો આત્મા ઊર્ધ્વગમન કરી શકે છે.

